ઈશુ કહે છે.

જોળણું વેચો, કપડાં વેચો, અને તલવાર ખરીદો

લુક ૨૨; ૩૬

હું પૃથ્વી ઊપર સલાહ કરવાને નહી પણ તલવાર ચલાવવાને માટે આવ્યો છું.

માથી ૧૦; ૩૪.

જે મને પ્રભુ પ્રભુ કહે છે તે સર્વ આકાશના રાજ્યમાં પેસશે એવું નહીં પણ જે મારા આકાશમાના બાપની ઇચ્છા પ્રમાણે કરે છે તે પેસશે. તે દહાડે ઘણા મને કહેશે કે પ્રભુ પ્રભુ શું અમે તારે નામે ભવિષ્યવાદ કહ્યો નથી. અને તારે નામે ઘણાં પરાક્રમી કામો કીધાં નથી ત્યારે હું તેઓને સાફ કહીશ કે મેં તમને કદી પણ ઓળખ્યા નહીં. ઓ ભુંડું કરનારાઓ, તમે મારી પાસેથી દુર જાઓ. માથી ૭;૨૧-૨૩.

જેહાદની હકીકત

પ્રસિદ્ધ કરનાર

ગુલામ મોહંમદ બી. હાજી હાફેજ સાદેક

મુ. રાંદેર જીલ્લા સુરત.

"દેશી મિત્ર" પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપ્યું.

મોહરમ સને ૧૩૧૮ હી.

કીંમત આનો ૧

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમ કરતાં.

સર્વ સ્તુતિ ખુદાને માટે છે અને દરૂદ અને સલામ તેના ચૂંટેલા પેગંબર મોહંમદ (સલ્લ) માટે તથા તેમના સર્વ સહાબા માટે તથા સર્વ સેવકાત માટે છે.

સાહેબો ? જેહાદ વિષે પાદરીઓ મનપર આવે તેમ બકવો કરે છે. અને ઇસ્લામને વગોવે છે, તેઓ પોતાની આંખમાંથી ભારોટીઓ કાઢતા નથી, અને બીજાની આંખમાંથી તણખલું કહાડવાનું ઇચ્છી ઇશુ (અસે) ના ફરમાનને તોડે છે. (માથી ૭:૩-૫) જોનડિયુન પોર્ટ સાહેબ પોતાના પુસ્તકમાં લખે છે. પૃષ્ટ ૧૪૫ "નવી દુનિયાના એક કરોડ ૮૦ લાખ રહેવાસીઓ તલવારની નીચે કતલ થયા. અમારે ખાત્રીથી ઇકરાર કરવો જોઇએ કે, આવી હેબતનાક ધર્મિલ ખ્રિસ્તીઓ સિવાય કદી કોઇપણ કોમમાં નહિ કે, જે આઠ સૈકા સુધી ચાલી હોએ." ડોમંગો તથા જમેકાના બેટોપર ફાંસીઓ કરાયલી હતી. અને તેર તેર અમેરિકાને વખતમાં સાથે ફાંસી દેવાતી હતી ... કહેતા કે, અમો તેર ... સન્મુખ ... ગુજારીએ છીએ. એ વગેર, બીજા પણ જુલમો ખ્રીસ્તીઓએ કીધેલા છે વાંચો ન ... પૃષ્ટ ૫૭૬-૬૧૨ એમ છતાં પાદરીઓ ઇસ્લામને વગોવે છે. તથા ખોટું બોલેછે તેનુ કારણ શું ? તેમનો પવિત્ર પાઉલ કહે છે. "જો મારા જુઠાથી દેવનું સત તેના મહિમાને સારૂ ઘણું વધ્યું તો હજુ સુધી હું પણ અપરાધી જેવો કેમ ઠરાવાઉ." રૂમી ૩;૭ આથી સાફ જણાય છે કે. ધર્મને માટે જુઠું બોલવું એ પાઉલના ધર્મમાં દુરસ્ત છે. મોસીમ ઐતિહાસીકે પોતાના છપાવલો ઇતિહાસ સને ૧૮૩૨માંના ભાગ ... પૃષ્ટ ૬૫માં બીજા સૈકાના વિદ્વાનોના વર્ણનમાં લખ્યું છે. "અફલાતુન અને પીથાગોરસના મતની તાબેદારી કરનારાઓમાં એક પ્રખ્યાત વચન હતુ કે, સત્ય તથા ખુદાની બંદગી વધારવા જુઠું બોલવું અને ધોકો આપવો માત્ર દુરસ્તજ હોય. તેમ ન થી ઘણુ સાબાસીને પાત્ર છે. અને આ વચનને ખ્રીસ્તથી પૂર્વે મિસરના યહુદીઓ શીખેલા, જેમકે ઘણાંખરાં પુરાનાં પુસ્તકોથી એ વાતની ખાત્રી થાય છે. ફરી આ ભુંડી ભુલની વબાએ ખ્રીસ્તીઓમાં અસર કરેલી. જેમકે ઘણાં પુસ્તકો કે જે વડિલોને નામે મિથ્યા લખાયલાં છે તેથી એ બાબત સિદ્ધ થાય છે." આજ રીતે ઘણીવાર પાદરીઓ પોતાનાં ચોપાનિયાંમાં એક ઘડત નામના મુસલમાનો એક ઘડત નામના ખ્રીસ્તી સાથે વાદવિવાદ લખે છે. અને તેમાં કલ્પીત એવા સવાલો મુસલમાન તરફના ઘડે છે કે, જેનો જવાબ પાદરી આપી શકે અને ઇસ્લામને એબ લાગે. ને ફરી પેલાની હાર લખીને લખે છે કે, તે ડાહ્યો માણસ ખ્રીસ્તી થયો. જુઓ મીરજાપોરની આરફન સ્કુલમાં પાદરી એમ. આઇ. સેરંગની મારફતે ... માં એક પત્ર નામે "ઉમેદ ... ખુદાવેહદા ફીરસ્તાદા મોસમ્મા ... એમાં એક ખાંનદાની સૈયદને ખ્રીસ્તી ધર્મને જાંચી ખ્રીસ્તી થવાનો હાલ છે અને આએકુમ. એવોજ હાલ હિન્દી ભાષામાં લખાયલા પત્ર નામે "ગ્યાં કાશી ખંડ"માં પણ છે. જાણે ઉર્દુથી ભાષાંતર થયું હોય. પણ તેમાં માત્ર આટલો ફેર રાખેલો કે, પેલા સૈયદની જગ્યા બ્રાહ્મણ અને ઉમેદાબાદની જગ્યા બનારસ. આવા ધોકકા એઓ આપી રહેલા છે. પણ શું મજેહનું રેવરેન્ડ જોન શીમેડીએ કહ્યું છે કે, "જુઠું બોલવાથી કોઇ મતને ટેકો મળે એમ નથી." વાંચો સને ૧૮૯૨ના ફેબ્રુઆરીનું સત્યોદય. પણ હવે મુસલમાનો સમજી ગયા છે કે પાદરીઓ ધોકકો દેનાર છે.

અને આ પત્રથી પાદરીઓના બકવાની તથા જેહાદની હકીકત જણાય છે જેથી મેં આ પત્રનું નામ "જેહાદની હકીકત" રાખ્યું છે. અને એ ઇજહારૂલ હકકના એક ભાગનો તરજુમો છે. ખુદા એને કબુલ કરી ... ગી કરે આમીન.

પહેલી શંકા

જેહાદ વિષેની શંકાઓને, એ તેઓના માનવા પ્રમાણે મોટી શંકાઓ માની છે. અને તેઓ પોતાનાં ચોપાનિયાંમાં અજ્ઞાનમ રીતનું ગીલીટ રૂપી અંતુ વિવેચન કરે છે કે જેનું કારણ માત્ર દુશ્મનાઇ છે. અને હું ઉત્તર લખવા પહેલાં પાંચ વિષે ... ણી બાંધું છુ:—

૧. વિષય—ખુદા કુદરતે છેલ્લા દિવસમાં ખાત્રી શિક્ષા કરશે. અને ... પ રાખે છે. અને ... પીઓને દુનિયા ... ને કદી તો ...

કરે છે. જેમકે નુહ (અલે)ના વખતમાં કે તેણે વહાણુવાળા વગર દરેક જીવધારીને જળ પ્રલયથી હલાક કીધા. અને કદી ખાસ લોકોને ડુબાવીને; જેમકે મુસા (અલે)ના વખતમાં. કેમકે તેણે ફ્રારૂનને તથા તેના લશ્કરને ડુબાવ્યાં. અને કદી એકાએકની હલાકીથી; જેમકે મીસરવાળાનાં દરેક માણુસ તથા ઢોરની મોટી ઓલાદને મિસરથી ઇશ્રાયલ પુત્રોના નીકળવાની રાતે હલાક કીધા. જેમકે તે નિર્ગમન અધ્યાય ૧૨માં લખાયલું છે. અને કદી ગંધક અને અગ્નિ આકાશથી વરસાવીને, અને શહેરોને ઉંધાં મારીને; જેમકે લુત (અલે)ના વખતમાં કે સદોમ, ગમોરા તથા તેની આસપાસવાળાઓને ગંધક તથા અગ્નિ વરસાવીને, તથા શહેરોને ઉંધાં મારીને નાશ કીધાં. અને કદી માંદગીથી નાશ કરીને; જેમકે અસદોદીઓને બવાશીરથી (નાશ કીધા.) જેમકે એ ૧, શમુએલ અધ્યાય ૫માં લખાયલું છે. અને કદી તેઓને હલાક કરવા દુતને મોકલીને; જેમકે આશુરીઓના લશ્કરને કીધું કેમકે તેણે દુતને મોકલ્યો. ફરી તેણે તેઓમાંના એક લાખ પંચાસી હજારને એકજ રાતમાં કતલ કીધાં. જેમકે એ ૨. રાજા અધ્યાય ૧૯માં લખાયલુ છે. અને કદી ભવિષ્યવાદીઓ તથા તેઓના તાબેદારોથી જેહાદ કરાવીને થાય છે. જેમકે તું બીજા વિષયમાં વહેલો જાણી લેશે. અને એવીજ તરેહ પાપીઓને પણુ શીક્ષા આપે છે. કદી તો પૃથ્વીમાં ધસાવાથી તથા અગ્નિથી જેમકે કોરાહ, દાથાન, અને અબીરામ વગેરેને મુસા (અલે)થી વિરૂદ્ધ પડવાને લીધે તેણે નાશ કીધા, પૃથ્વી ફાટીને કોરાહ દાથાન અને અબીરામ, તથા તેઓની સ્ત્રીઓને તઓનાં બચ્ચાંઓને, અને તેઓના બોજને ગળી ગઇ. ફરી અગ્નિ નીકળીને ૨૫૦ માણસોને ખાઇ ગઇ. જેમકે એ ગણના અધ્યાય ૧૬માં ખુલ્લું લખાયલું છે. અને કદી એકાએકના હલાક કરવાથી; જેમકે ૧૪૭૦૦ને હલાક કીધા જ્યારે કે ઇશ્રાયલ પુત્રો, કોરાહ વીગેરેના હલાક થવાની સવારમાં વિરૂદ્ધ પડયા. અને જો હારૂન (અલે) મુરદા તથા જીવતાઓમાં ઉભા નહિ રેહતે અને વિદેશીઓ માટે માફી નહિ માગતે તો ખુદાના કોપથી બધાનો નાશ થતે, જેમકે તે મજકુર અધ્યાયમાં ખુલ્લું લખાયલુ છે. અને એથસેમીસવાળાઓને ખુદાના તાબુત (કોષ)માં જોવાના વાંક ઉપર ૫૦ હજાર ૭૦ માણુસોને હલાક કીધા. જેમકે એ ૧. શમુએલ અધ્યાય ૬માં લખાયલું છે. અને કદી દુઃખ આપનાર સર્પો મોકલીને; જેમકે ઇશ્રાયલ પુત્રોએ બીજીવાર જ્યારે મુસા (અલે)ને વિરૂદ્ધ કીધું તો ખુદાએ તેઓના ઉપર દુઃખ આપનાર સરપો મોકલ્યા. ફરી તે તેઓને કડવા લાગ્યા તેથી ઘણા મરી ગયા. જેમકે એ ગણના અધ્યાય ૨૪માં છે. અને કદી દુતને મોકલીને; જેમકે દાઉદ (અલે)નું ઇશ્રાયલ પુત્રોની ગણના કરવા ઉપર તેણે ૭૦ હજારને એકજ દિવસમાં હલાક કીધા જેમકે એ ૨. સમુએલ અધ્યાય ૨૪માં છે.

અનેકદી તે કાફરોને તથા પાપીઓને આ જગતમાં શીક્ષા નહિ આપતો. શું તું જોતો નથી કે શિષ્યો ખ્રીસ્તીઓના ધારવા પ્રમાણે મુસા (અલે), બધા ઇશ્રાયલી ભવિષ્યવાદી, અને ખુદાના કોપથી શ્રેષ્ઠ છે. અને તેઓને કતલ કરનારા તે ખ્રીસ્તીઓમાં નુંહ, લુત, અને મુસા(અલે)ના વખતના કાફરો કરતાં ભુંડી હાલતના છે. અને રોમના રાજાઓમાંનો રાજા મૂર્તિપૂજક જુલમગાર નીરોએ પીતર શિષ્યને, તથા તેની બાયડીને, તથા પાઉલને, તથા ઘણા ખ્રીસ્તીઓને ઘણી બુરી રીતે કતલ કીધા. અને એવીજ તરેહ ઘણા કાફરોએ શિષ્યોને, તથા તેમના ચેલાઓને કતલ કીધા. પણ ખુદાએ તેઓને ડુબાવીને, ગંધક અને અગ્નિ વરસાવીને, શેહેરોને ઉંધા મારીને, તેઓની ઓલાદને કતલ કરીને, માંદગીમાં ફસાવીને, દુતને મોકલીને, અને સાપ મોકલીને કે કોઇ બીજી તરેહથી નાશ કીધા નહી.

૨. જો વિષય. આગલા ભવિષ્યવાદીઓએ પણ કાફરોને કતલ કીધેલા. તેઓની બાયડીઓને તથા તેઓનાં સંતાનને કેદ કીધેલાં. અને તેઓના માલને લુટેલો. અને આ બાબતો મોહંમદ (સલ) ની શરીઅતની સાથે ખાસ નથી. જેમકે એ બંને કરારોના જોનાર ઉપર કાંઇ છુપું નથી. અને તેના વિષે ઘણી શાક્ષીઓ છે. પણ હું તેમાંની કેટલીક ઉપર બસ કરૂં છું:—

(૧) પુનર્નિયમ ૨૦;૧૦–૧૭માં આવી રીતે છે. "જ્યારે યુદ્ધ કરવાને તું નગરની પાસે આવીશ ત્યારે તેની ભણી સલાહની હાંક માર. ને એમ થશે, કે જો તે તને સલાહનો ઉત્તર આપે, ને તારે સારૂ ઉઘાડે, તો એમ થશે કે તેમાં જે સર્વ લોક તેઓ તને કર આપીને તારૂં દાસપણું કરે. ને જો તે તારી સાથે સલાહ ન કરે. ને તારી સામે યુદ્ધ કરે, તો તેને ઘેરો ઘાલ. ને પ્રભુ તારો દેવ તારા હાથમાં તે સોંપે. ત્યારે તું તેના સર્વ પુરૂષોને તલવારની ધારથી મારી નાંખ. ને તેની સ્ત્રીઓને, તથા બાળકોને, તથા ઢોરોને, તથા નગરમાં જે સર્વ હોય, તેની સર્વ લુંટ તું લશ્કરને સારૂ વહેંચી દે, ને તારા શત્રુઓની જે લુંટ પ્રભુ તારા દેવે તને આપી છે તે તું ખા. જે સર્વ નગરો તારાથી ઘણા દુર છે, જેઓ આ દેશજાતિઓના નગરોમાંના નથી. તેઓપર તું એમ કર. કેવળ આ લોકો જેઓને પ્રભુ તારો દેવ તને વારસાને સારૂ આપે છે, તેઓનાં નગરોમાં કોઇ પ્રાણીને જીવવા ન દે. ને જેમ પ્રભુ તારા દેવે તને આજ્ઞા આપી. તેમ તેઓનો, હીતીઓનો, આમોરીઓનો, કનાનીઓનો, તથા પેરીજીઓનો, હીવીઓનો તથા યબુસીઓનો વિનાશ કરજે કર." તો આ ઇબારતથી પ્રગટ થયું કે છ કબીલા એટલે હીતીઓ, આમોરીઓ, કનાનીઓ. પરીજીઓ, હીવીઓ તથા યબુસીઓ વિષે ખુદાએ હુકમ કાઢેલો કે દરેક પ્રાણીને તેઓના પુરૂષોને, સ્ત્રીઓને, અને બાળકોને તલવારની ધારથી મારી નાંખે. અને તેઓ સિવાય બીજાઓ માટે હુકમ થયલો કે પ્રથમ તેઓને સલાહના તરફ બોલાવાય. ફરી જો તેઓ રાજી થઇને શરણ થાય. ને કર આપે તો ઠીક. ને રાજી નહિ થાય તો તેઓની સાથે યુદ્ધ કરે. ફરી જ્યારે તેઓના ઉપર ફતેહ મળે તો તેઓના દરેક પુરૂષ તલવારથી કતલ કરાય, અને તેઓની સ્ત્રીઓ તથા બાળકો કેદ કરાય, અને તેઓનાં ઢોરો તથા તેઓનો માલ લુંટાય. અને લશ્કરના ઉપર વહેંચાય. અને જે ગામો કે છ જાતીઓના ગામોથી દુર છે. તે બધા સાથે એમજ કરાય. અને આ એકજ ઇબારત તેઓના નકામા વિવેચનોના ઉત્તરને વાસ્તે બસ છે. અને આગલા તથા પાછલા ઇસ્લામી વિદ્વાનોએ તેઓના મુકાબલામાં એને નકલ કાઢેલી. પણ તેઓ એથી ચુપ થાય છે. જાણે તેઓએ સામેવાળાની વાતમાં એને જોયજ નહિ. અને તેઓ એનો ઉત્તર આપતા નથી. ન તો માનીને, અને ન તો મતલબ ઘડીને.

(૨) નિર્ગમન ૨૩;૨૩,૨૪માં આવી રીતે છે. "મારો દુત તારી સન્મુખ ચાલશે. ને આમોરીઓની તથા હીતીઓની તથા પરીજીઓની તથા કનાનીઓની તથા હીવીઓની તથા યબુસીઓની પાસે તને લાવશે, ને હું તેઓને નષ્ટ કરીશ, તેઓના દેવોને તું ન નમ ને તેઓની સેવા ન કર; ને તેઓના કામ પ્રમાણે ન કર, પણ તું તેઓને પાડી નાંખ, ને તેઓની મૂર્ત્તિઓને ભાંગી નાંખ."

(૩) નિર્ગમન ૩૪;૧૨,૧૩ માં છ જાતિઓ માટે આવી રીતે છે. "તું પોતાને સંભાળ, રખે જે દેશમાં તું જાય છે તેના રહેનારાઓની સાથે તું સ્થાપના કરે, રખે તે તારે માટે ઠોકર થાય. પણ તેઓની વેદીઓ પાડી નાંખ. તેઓની મુર્ત્તિઓને ભાગી નાંખ, ને તેઓની આશ્રામૂતઓના કકડે કકડા કર."

(૪) ગણના ૩૩;૫૧–૫૬ માં છે. "ઇશ્રાયલ પુત્રોને કહે કે જ્યારે તમે યર્દન નદીને પાર કનાન દેશમાં જાઓ. ત્યારે તમે પોતાની સામાથી દેશના સર્વ રહેનારાઓને કહાડી નાંખો, ને તેઓના દંડવતની જગ્યાનો નાશ કરો, ને તેઓની કોરેલી મુર્ત્તિઓનો નાશ કરો, ને તેઓની બધી વેદીઓ પાડી નાંખો,...ને જો તમો પોતાના સામાથી દેશના રહેનારાઓને ન કહાડશો તો એમ થશે કે તેઓમાંના જેઓને તમો રહેવા દેશો, તેઓ તમારી આંખોમાં તણખલાં ને તમારી કુંખોમાં કાંટા થશે, ને જે દેશમાં તમો વસસો, તેમાં તેઓ તેમને સંકટમાં નાંખશે. અને એમ થશે કે, મેં તેઓપર જે કરવાનું ધાર્યું, તે તમારાપર કરીશ."

(૫) પુનાનયમ ૭;૧–૫માં આવી રીતે છે. "જે દેશમાં તું તેનું વતન પામવા જાય છે, તેમાં જ્યારે પ્રભુ તારો દેવ તને લાવશે, ને તારી સામાથી ઘણી દેશ જાતિઓને, હીતીઓને

તથા ગીરગાસીઓને તથા આમોરીઓને, તથા કનાનીઓને, તથા પરીજીઓને, તથા હીવીઓને, તથા યબુસીઓને, તારા કરતાં મોટી તથા બળવતી સાત દેશ જાતિઓને કહાડી નાંખશે. ને જ્યારે પ્રભુ તારો દેવ તારી સામા તેઓને સોંપશે; ત્યારે તુ તેઓને માર, ને તેઓનો નાશ કરજ કર; તેઓની સાથે સ્થાપના ન કર; ને તેઓપર દયા ન કર;...પણ તેઓ ઉપર તમો એમ કરો; તેઓની વેદીઓને તોડી નાંખો, ને તેઓના સ્તંભોને પાડી નાંખો, ને તેઓની મુતિઓને ભાગી નાંખો; ને તેઓની કોરેલી મુતિઓને અગ્નિએ બાળી નાંખો." તો આ ઇબારતેથી જણાઇ ગયું કે, સાત દેશ જાતઓમાંના દરેક પ્રાણીને નાશ કરવાનો, તેઓ ઉપર દયા નહિ કરવાનો, તેઓથી સ્થાપના નહિ કરવાનો, તેઓની વેદીઓને તોડવાનો, તેઓના સ્તંભોને પાડી નાંખવાનો, તેઓની મુતઓને ભાગી નાંખવાનો, અને તેઓની કોરેલી મુર્તિઓને અગ્નિએ બાળી નાંખવાનો ખુદાએ હુકમ કીધેલો. અને તેઓને હલાક કરવામાં ઘણી સખ્તાઇ વાપરી છે. કહ્યું કે જો તમો તેઓનો નાશ નહિ કરશો તો એમ થશે કે જે મેં તેઓપર કરવાનું ધાર્યું તે તમારાપર કરીશ. અને આ સાત દેશજાતિઓ માટે આવી રીતે આવેલું છે. "તારા કરતાં મોટી તથા બળવંતી દેશ જાતિઓ." અને ગણુનાના અધ્યાય પહેલાથી સિદ્ધ થયું છે કે ઇશ્રાયલ પુત્રો જેઓ કે લડવાને લાયક હતા, અને વીશ વર્ષ કે એથી વધારેના હતા, તેઓની ગણુત્રી છ લાખ ત્રણ હજાર પાંચશો અને પચાશ પુરૂષોની હતી. અને લેવીઓ તદન, ફરી તેઓના નર હોય કે માદા હોય અને એવીજ તરેહ બાકીનાં અગીઆર કુળોની બધી સ્ત્રીઓ, તથા તેઓના પુરૂષો કે, જે ૨૦ વર્ષની વયે પોહોંચેલા નહિ હોય (તથા બુઢાઓ કે જેઓ લડવાની શક્તિ ધરાવતા નહિ હય) તેઓ આ ગણુત્રીથી બહાર છે. અને જો બધા ઇશ્રાયલ પુત્રોની ગણુત્રી લઇએ અને છોડી દીધેલા પુરૂષો તથા છોડી દીધેલી સ્ત્રીઓને ગણેલાઓ સાથે મેળવીએ તો ૨૫ લાખથી એટલે અડી મીલીયનથી કમ થશે નહિ. અને આ સાત દેશ જાતિઓ જ્યારે તેઓથી મોટી તથા બળવંતી થઇ તો ઘટતું થયું કે તેઓની ગણુત્રી તેઓથી વધારે થવી જોઇએ. અને ડોકટર કીશે તેઓનાં પુસ્તકોમાંની આવતા વખતના બનાવોની ખબરોની સચ્ચાઇના વર્ણનનું એક પુસ્તક અંગ્રેજી ભાષામાં રચ્યું છે. અને તેનો તરજુમો પાદરી મારીકે ફારસી ભાષામાં કરી તેનું નામ તેણે "કશફુલ અસ્તાર, ફી કસસે અંબીયાએ બની ઇશ્રાયલ" પાડયું છે. અને આ ભાષાંતર એડીનબર્ગમાં સને ૧૮૪૬ ઇશ્વી તથા સને ૧૨૬૨ હીજરીમાં છપાયું છે. એ ભાષાંતરના પૃષ્ટ ૬૬માં છે. "પુરાંનાં પુસ્તકોથી જણાયું છે કે યહુદીઆ દેશોમાં હીજરીથી ૫૫૦ વર્ષ પૂર્વે ૮ કરોડ (એટલે ૮૦ મીલીયન) પ્રાણીઓ હતા." તો ઘણું કરીને આ દેશ મુસા (અલે)ના વખતમાં એવું અથવા એથી વધારે આબાદ હશે. તો ખુદાએ હેંશી મીલીયન અથવા એથી વધારેને કતલ કરવાનો હુકમ આપ્યો.

(૬) નિર્ગમન ૨૨;૨૦માં આવી રીતે છે. "જે કોઇ મૂર્ત માટે યજ્ઞ કરે તે કતલ કરાય."

(૭) જે કોઇ પુનર્નિયમ અધ્યાય ૧૩ને વાંચશે તે જાણી લેશે કે, અન્ય દેવની બંદગી માટે બોલાવનાર અગરજો તે ચમત્કારવાળો ભવિષ્યવાદી હોય તે વાજબી રીતે કતલ કરવાને પાત્ર છે. અને એવીજ તરેહ મૂર્તિઓની પૂજા માટે બોલાવનાર અગરજો તે સગામાંનો કે મિત્રમાંનો હોય તે વાજબી રીતે પત્થરાવ કરવાને પાત્ર છે. અને જો ગામવાળાઓએ તેની પુજા કીધી હોય તો તે બધા તથા તેઓનાં ઢોરો હથિયારની ધારથી કતલ કરાયા જાય. અને ગામ તથા તેનો અસબાબ તથા તેનો માલ અગ્નિથી બળાયો જાય, અને તે જમીન ખુલ્લીં રહેવા દેવાય. ફરી તે બાંધવામાં આવે નહિ.

(૮) પુનર્નિયમ ૧૭;૨-૪માં આવી રીતે છે. "તારી જે ભાગળો પ્રભુ તારો દેવ તને આપે છે, તેઓની કોઇમાં જેણે પ્રભુ તારા દેવની દૃષ્ટિમાં તેની સ્થાપનાનું ઉલંઘન કરીને ભુડું કીધું, ને જેને બીજા દેવની, સૂર્યની, કે ચંદ્રની કે આકાશમાંના સર્વ સૈન્યની સેવા કે ભજન, જેની મેં આજ્ઞા ન આપી, તે કીધી એવો પુરૂષ કે સ્ત્રી તારા મધ્યે જો મળે, ને એમ તને કહેવાય, ને તેં

સાંભળ્યું હોય, ને સારી પેઠે તપાસ્યું હોય, ને જુઓ તે ખરૂં તે વાત ખચીત કે ઇશ્રાયલ પુત્રોમાં એવું અમંગળપણું થયું છે. તો જે પુરૂષે કે જે સ્ત્રીએ તે દુષ્ટ કર્મ કર્યું છે. તેને તું તારી ભાગળની પાસે કહાડી લાવ. એટલે તે પુરૂષ કે તે સ્ત્રીને, ને તેઓ મરે એવા તેઓને પત્થરો માર."

(૯) નિર્ગમન ૩;૨૧,૨૨માં આવી રીતે છે; "ને મિસરીઓની દૃષ્ટિમાં, હું આ લોકોને કૃપા કરાવીશ, અને એમ થશે કે, તમો જશો ત્યારે ખાલી હાથે નહિ જશો. પણ પ્રત્યેક બાયડી પોતાની પડોસણથી તથા પોતાના ઘરમાં રહેનારાથી, રૂપાનાં, તથા સોનાનાં વાસણો તથા વસ્ત્ર માગી લેશે. અને તમે તમારા દીકરા તથા દીકરીઓની પાસે રાખશો. ને મિસરીઓનું હરી લેશો." ફરી મઝકુર પુસ્તકના ૧૧;૧,૩માં ખુદાનું કહેવું આવી રીતે છે. "હવે લોકોના કાનમાં કહે, કે પ્રત્યેક પુરૂષ પોતાના પડોસીથી તથા પ્રત્યેક બાયડી પોતાની પડોસણથી રૂપાનાં વાસણો તથા સોનાનાં વાસણો માગી લે.... ને પ્રભુએ મિસરીઓની દૃષ્ટિમાં તે લોકો પર કૃપા અપાવી." ફરી મઝકુર પુસ્તકના ૧૨;૩૫,૩૬માં આવી રીતે છે. "ને ઇશ્રાયલ પુત્રોએ મુસાની વાત પ્રમાણે કીધું. ને મિસરીઓથી સોના રૂપાનાં વાસણો તથા વસ્ત્ર માગી લીધાં ને પ્રભુએ મીસરીઓની દષ્ટિમાં લોકોને કૃપા અપાવી. ને તેઓએ તેઓને આપ્યું ને તેઓએ મિસરીઓનું હરી લીધું." તો જ્યારે ઇશ્રાયલ પુત્રોની ગણત્રી તારી જાણ પ્રમાણે હતી. અને તેઓના પુરૂષો અને સ્ત્રીઓએ મિસરીઓથી માગી લીધું. તો તે માગેલું અગણિત થવાનું. જેમકે ખુદાએ પ્રથમ વાયદો આપ્યો કે, તેઓ મિસરીઓને હરી લેશે. ને ફરી બીજીવાર ખબર આપી. "ને તેઓએ મિસરીઓને હરી લીધા" પણ હરી લેવાની છુટી તેણે તેઓને માગી લેવાની રૂએ આપી. અને જુઓ તો એ જાહેરમાં ધોકો અને ફરેબ છે.

(૧૦) નીર્ગમન ૩૨;૨૫-૨૮માં વાછરડો પૂજવાના વર્ણનમાં આવી રીતે છે. "ને મુસાએ જોયું કે લોકો ઉઘાડા છે; કેમકે હારૂને પોતાના શત્રુઓ મધ્યે ઉઘાડા કીધા. ને મુસા છાવણીની ભાગળમાં ઊભો રહ્યો. ને કહ્યું, પ્રભુના પક્ષમાં કોણ છે? તે મારી પાસે આવે; ને લેવીના સર્વ પુત્રો તેની પાસે એકઠા થયા. ને તેણે તેઓને કહ્યું ઇશ્રાયલનો દેવ પ્રભુ એમ કહે છે, પ્રત્યેક માણુસ પોતાના ભાઇને તથા પોતાના મિત્રને, તથા પોતાના પડોશીને મારી નાંખે. ને લેવીના પુત્રોએ મુસાની વાત પ્રમાણે કીધું ને તે દિવસે આસરે ૨૩ હજાર પડયા" તો મુસા એ(અલે) વાછરડો પૂજવા ઉપર ૨૩ હજારને કતલ કીધા. અને તું જાણ કે અરબી ભાષાંતરો છપાયલાં સને ૧૮૩૧, ૧૮૪૪ (૧૮૬૦) અને ૧૮૪૮ વાળામાં કે જેથી મેં આ ઇબારત નકલ કીધી છે. તેમાં શબ્દ ૨૩ હજારનો છે. (બીજામાં શબ્દ ૩ હજારનો છે).

(૧૧) ગણુના અધ્યાય ૨૫મામાં છે કે જ્યારે ઇશ્રાયલ પુત્રોએ મોઆબની છોકરીઓથી વ્યભિચાર કીધો, અને તેઓની મૂતઓને નમ્યા, તો ખુદાએ તેઓને કતલ કરવાનો હુકમ કીધેલો. ફરી મુસાએ તેઓમાંના ૨૪ હજારને કતલ કીધા.

(૧૨) જો કોઇ ગણુનાનો અધ્યાય ૩૧મો જોશે તો તેને જાહેર થશે કે મુસાએ (અલે) જ્યારે અલી આજરના છોકરા ફીનહાસ સાથે ૧૨ પુરૂષોને મિધ્યાનવાળાઓ સાથે લડવા મોકલ્યા તો તેઓ લડયા. અને તેઓના ઉપર ફતેહ પામ્યા. અને તેઓના પ્રત્યેક નરને તથા તેઓના પાંચ રાજાઓને તથા બલામને કતલ કીધા. અને તેઓની સ્ત્રીઓને, તથા તેઓના બાળકોને તથા તેઓનાં ઢોરોને કેદ કીધાં. અને તેઓનાં ગામો તથા દસાકર તથા મિધ્યાનને અગ્નિથી બાળી નાંખ્યાં. ફરી જ્યારે તેઓ પાછા ફર્યાં તો મુસા (અલે) એ તેઓ ઉપર ગુસો કીધો ને કહ્યું કે તમોએ સ્ત્રીઓને કેમ જીવતીઓ રાખી. ફરી તેવણે પ્રત્યેક નર બાળકને તથા પ્રત્યેક અકુંવારી સ્ત્રીને કતલ કરવાનો, અને કુંવારીઓને રહેવા દેવાનો હુકમ કીધો, તો તેઓએ આજ્ઞા પ્રમાણે કીધું અને બકરાંની લુંટ ૬ લાખ ૭૫ હજાર હતી, ગાયની ૭૨ હજાર હતી. અને ગધેડાની ૬૧ હજાર અને કુંવારીઓની ૩૨ હજાર. અને ઢોર અને માણુસ સિવાય જે લુંટાયેલું તે પ્રત્યેક લડનાર માટે હતું.

અને તેનો અંદાજો આ અધ્યાયમાં વર્ણવ્યો નથી પણ આટલું તો ખરૂં કે હજારોના સરદારો તથા સેંકડોના સરદારોએ મુસા તથા અલી આજરને ૧૬૭૫૦ શેકલ સોનું આપ્યું. અને જ્યારે કુંવારી સ્ત્રીઓની ગણત્રી ૩૨૦૦૦ હતી, તો કતલ થયલા નરોની ગણત્રી, ફરી તે વૃદ્ધ હોય કે જુવાન હોય કે બાળક હોય તથા અકુંવારી સ્ત્રીઓની કેટલી થવાની ?

(૧૩) તૌરાતમાંની આજ્ઞાઓ પ્રમાણે મુસા (અલે)ના મરણ પછી યહોશુઆએ અમલ કીધો. ને ઘણા મીલીયનો (લાખો)ને કતલ કીધા. અને જો કોઇને એ હાલ વાંચવો હોય તો તે તેવણુના પુસ્તકના અધ્યાય ૧લાથી તે ૧૧મા સુધીને વાંચે અને તેમના પુસ્તકના અધ્યાય ૧૨મામાં ખુલ્લું લખાયલું છે, કે તેવણે કાફેરોના રાજાઓમાંના ૩૧ રાજાને કતલ કીધેલા. અને ઇશ્રાયલ પુત્રોએ તેઓનું રાજ્ય લીધેલું.

(૧૪) ન્યાયાધીશ ૧૫;૧૫માં સામશુનના વર્ણનમા આવી રીતે છે. "ને તેને ગધેડાનું જડબું મળ્યું, ને પોતાનો હાથ લાંબો કરીને તે લઇને હજાર માણસ તેથી માર્યાં."

(૧૫) ૧. શમુએલ ૨૭;૮,૯માં છે. " અને દાઉદ તથા તેનાં માણસોએ જઇને ગેસુરીઓના, ને ગેજરીઓના, ને અમેલેકીઓના ઉપર ચહડાઇ કીધી, કેમકે સુરના માર્ગમાં મિસર દેશ સુધી પુર્વથી તેઓ દેશમાં રહેતા હતા ને દાઉદે તે દેશને ખરાબ કીધો, ને પુરૂષો કે સ્ત્રીઓને જીવતાં રાખ્યાં નહિ, ને ઘેટાં અને બળદો, ને ગધેડાં, ને ઉંટો, ને વસ્ત્રો લીધાં ને અખીશ પાસે પાછો આવ્યો." તમો દાઉદ (અલે)ના કામને જુઓ કે તેવણ દેશને ખરાબ કરતા હતા. અને ગેસુરીઓ, ગેજરીઓ, અને અમેલેકીઓના પુરૂષને કે સ્ત્રીઓને રહેવા દેતા નહોતા, અને તેઓનાં જાનવરો અને અસબાબને લુંટતા હતા.

(૧૬) ૨. શમુએલ ૮;૨-૫માં છે. " ને તેણે મોઆબને માર્યો, ને તેઓને ભુમિપર પાડીને દોરીથી માપ્યા, ને તેણે બે દોરીથી માપ્યા, ને જીવાડવાને એક પુર્ણ દોરીથી માપ્યા; ને મોઆબીઓ દાઉદના દાસો થયા. ને વેરો આપતા. અને રાહોબનો દીકરો હદાદીજર સોબાનો રાજા તેને પણ દાઉદે માર્યો... ને દાઉદે તેની પાસેથી એક હજાર સાતસો સવારો ને વીશ હજાર પ્યાદલ લીધા...અને દમસ્કના આરામીઓ સોબાના રાજા હદાદીજરનું સાહ્ય કરવાને આવ્યા, ત્યારે દાઉદે તે આરામીઓના ૨૨ હજાર માણસો માર્યા." તો મોઆબીઓ, હદાદીજર, તથા તેનું લશ્કર અને આરામના લશ્કર સાથે દાઉદ (અલે) ના લડાઇ કરવાને તમો જુઓ.

(૧૭) ૨. શમુએલ ૧૦;૧૮ આવી રીતે છે. " ને સુરયાનીઓ (આરામીઓ) ઇશ્રાયલ આગળથી નાહાઠા, ને દાઉદે સુર્યાનીઓના ૭૦૦ રથનાંને તથા ૪૦ હજાર સ્વારને માર્યા ને તેઓના સૈન્યના સેનાપતિ શોબાકને માર્યો, ને તે ત્યાં મરણ પામ્યો"

(૧૮) ૨. શમુએલ ૧૨; ૨૯-૩૧ માં આવી રીતે છે. "ને દાઊદે સર્વ લોક એકઠા કર્યા, ને રાબાએ ગયો, ને તેની વિરૂદ્ધ લડયો. ને તે લીધું. ને તેણે તેઓના રાજાનો મુગટ (એટલે તાજ) તેના માથાપરથી લીધો, ને તેનું વજન તેના મુલ્યવાન રતનો સુદ્ધાં સોનાનું એક તાલંત (કીનતાર) હતું, ને તે દાઉદના માથા ઉપર થયો. ને તે નગરની ઘણી લુંટ ને બહાર લાવ્યો. ને જે લોક તેમાં હતા તેઓને તે બહાર લાવ્યો. ને તેઓને કરવતોપર, ને લોઢાની પંઝોડીઓપર, ને લોઢાની કુહાડીઓ પર રાખ્યા, ને તેઓને ઇંટની ભઠીઓપર ચલાવ્યા. ને એ પ્રમાણે તેણે આમોનપુત્રોનાં સઘળાં નગરોને કીધું, ને દાઊદ તથા સર્વ લોક પાછા યરૂશાલેમમાં આવ્યા" અને આ ઇબારતને મેં શબ્દે શબ્દ અરબી ભાષાંતર છપાયલું સને ૧૮૩૧, ૧૮૪૪ વાળાથી નકલ કીધી છે. (અને આ તેનો તરજુમો છે) તો તમો જુઓ કે દાઉદે (અલે) આમોન પુત્રોને કેવી ભુંડી રીતે કતલ કીધાં. અને આવા દુઃખથી કે જેથી વધારે થવું ધારવામાં આવે નહિ. તેવાથી બધા નગરોને હલાક કીધાં.

(૧૯) ૧ રાજા અધ્યાય ૧૮માં છે કે. એલીઆએ તે લોકોને કે જેઓ દાવો કરતા હતા કે તેઓ બાલના ભવિષ્યવાદીઓ છે. તેઓમાંના ૪૫૦ પુરૂષોને રેહેંસ્યા.

(૨૦) જ્યારે ચાર રાજાઓએ સદોમ તથા ગમોરાને લીધું. અને ત્યાંવાળાના બધા માલને તેઓએ લૂંટયો, અને લુત (અલે)ને તેઓએ કેદ કીધા, અને તેમના માલને પણ લૂંટયો. અને એ ખબર ઇબ્રાહીમ (અલે)ને પોહોંચી તો લુતને છોડાવવા ઇબ્રાહીમ (અલે) નીકળ્યા. એ બાબતના વર્ણનમાં ઉત્પત્તિ ૧૪; ૧૪–૧૭ માં આવી રીતે છે. "તેવારે ઇબ્રાહીમે પોતાના ભત્રીજાને પકડી લઇ જવાતું સાંભળીને, પોતાના ઘરનાં જણેલાં તથા શીખવેલાં ૩૧૮ માણસોને કહાડીને દાન લગી તેઓની પુઠે લાગ્યો, રાત્રે તેણે ને તેના ગુલામોએ તેઓના ઉપર બે ટોળી કરીને, તેઓને માર્યા ને દમશ્કની ડાબી ગમ હોબાલગી તેઓને ખદેડયા. ને તે સર્વ સંપત્તિ (ખજાનો) પાછી લાવ્યો; ને પોતાના ભત્રીજા લુતને તથા તેની સંપત્તિ તથા બાયડીઓને તથા લોકોને પણ પાછા લાવ્યો, ને કદરલાગોમર તથા તેની સાથે જે રાજા હતા, તેઓને મારીને, તેના પાછા આવ્યા પર તેને મળવા સારૂ સદોમનો રાજા સાવેની સપાટીમાં એટલે રાજાની સપાટીમાં આવ્યો."

(૨૧) હેબ્રીઓનું પત્ર ૧૧; ૩૨–૩૪માં આવી રીતે છે. "તો હું વધતું શું કહું ? કેમકે ગીદીઅન તથા બારાક તથા સામશુન તથા યફતા તથા દાઉદ તથા શમુએલ તથા ભવિષ્યવાદીઓ વિષે વિસ્તારથી કહેવાને મને વખત ખુટશે. તેઓએ વિશ્વાસથી રાજ્ય જીત્યાં, ન્યાયપણું કીધું, વચનો પ્રાપ્ત કીધાં, સિંહોનાં મ્હોં બંધ કીધાં, અગ્નિનું બળ નરમ પાડયું, તેઓ તલવારની ધારથી બચ્યા, અબળપણામાંથી બળવાન કરાયા, લડાઇમાં પરાક્રમી થયા, ને વિદેશીઓની ફોજોને નહસાડી." તો તેઓના પવિત્રની વાતથી પ્રગટ થયું કે; આ ભવિષ્યવાદીઓએ રાજ્ય જીત્યાં, અને તેઓનું અગ્નિને બુઝવવું. તેઓનું તળવારની ધારથી બચવું, તેઓનું કાફેરોના લશ્કરને હરાવવું, 'ન્યાયપણાનાં કામોની જાતિથી હતું. નકે ગુનાહની જાતિથી. અને તેનું કારણ વિશ્વાસનું જોર હતું. તથા ખુદાના વાયદાનું મેળવવું હતું. નકે હૃદયનું કઠણ થવું. અને જુલમ હતો. અને જુઓ તો તેમાંના કેટલાંક કામો જુલમની સખ્ત જાતિના રૂપમાં હતાં. વિશેષ કરી નાનાં બાળકોને કતલ કરવું કે, જેઓ પાપના મેલમાં ખરડાયલાં નહિ—અને દાઉદે (અલે) પોતાની જેહાદોને ધર્મિ પુણ્યનાં કામો ગણ્યાં છે. જેમકે તેવણે કહ્યું. ગીત ૧૮;૨૦–૨૪: "પ્રભુએ મારા ન્યાયીપણા પ્રમાણે મને પ્રતિદાન આપ્યું. મારા હાથોની શુદ્ધતા પ્રમાણે મને મળ્યું છે. કેમકે મેં પ્રભુના માર્ગ પાળ્યા, ને મારા દેવની ઉલંઘનો (કુફ્ર કરનાર) થયો નહિ. કેમકે તેનાં સર્વ ન્યાયકરણ મારી સન્મુખ હતાં, ને મેં તેના વિધી દુર ન કીધા, અને તેની સાથે વગર એબે નિર્દોષ હતો. ને તેણે મને મારા પાપથી સંભાળ્યો, એ માટે મને પ્રભુ પ્રતિદાન આપે છે. મારા ન્યાયીપણા વિષે." અને ખુદાએ શાહદી આપી છે કે તેમની જીહાદો, તથા તેમનાં બાકીનાં સારાં કૃત્યો તે ખુદાની આગળ પસંદ હતાં. ૧. રાજા ૧૪;૮માં આવી રીતે છે. " ને મારો સેવક દાઉદ જેણે મારી આજ્ઞાઓ પાળી, ને મારી દૃષ્ટિમાં જે સારૂં તે એકલું કરવાને તે પોતાના સંપૂર્ણ હૃદયથી મારી પાછળ ચાલ્યો." [1] તો મીજાનુલ હકના કર્તા (ફાન્ડરે) વગેરે પ્રોટેસ્ટંટના વિદ્વાનોએ જે કહ્યું કે દાઉદ (અલે) ની જીહાદો તે રાજ્ય તથા દેશોને માટે હતા. એનું કારણ ધર્મિષ્ટ પણાનું કમતી હોવું છે. કારણ કે સ્ત્રીઓ બાળકોને કતલ કરવું, તથા એવીજ તરેહ કેટલાક દેશના

૧ આ ઈબારતોથી સિદ્ધ થાય છે કે, ૨. શમુએલ અધ્યાય ૧૧માં જે બયાન દાઉદ (અલે) વિષે છે (જો પુ. ૨. પૃ. ૧૯૨–૧૯૪) તે તથા તેને મળતી બીજી બાબતો એ બધી કલપીત છે. અને તે મીથયા વાતો બૈબલમાં દાખલ થઇ છે. કેમકે જો મજકુર અધ્યાયમાં લખાયલા કામો દાઉદ (અલે)થી થયા હોત તો ખુદાનું કેહલું તેમના વિષે "ને મારો સેવક દાઉદ જેણે મારી આજ્ઞાઓ પાલી" ઈત્ય ખરૂં આવે નહી. તેમ તેવણ પણ પોતા વિષે કહી શકે નહી કે "પ્રભુએ મારા ન્યાયપણા પ્રમાણે મને પ્રતીદાન આપ્યું તથા મારા હાથોની સુદ્ધતા પ્રમાણે મને મલ્યું છે, તથા મે પ્રભુના માર્ગ પાલ્યા" તથા "તેના સર્વ ન્યાય કરણ મારી સન્મુખ હતા." તથા "હું તેની સાથે વગર એબે નિર્દોષ હતો" વગરે આવા શબ્દો ખુદાની પ્રાર્થનામાં ખરા ન્યાય સીવાય બીજો કોઈ બોલી શકતો નથી. ગુ. મો.

ઓના બધાઓને કતલ કરવું, આ લાભને લીધે અગત્યનું નહોતું. એમ છતાં એ અમો કહીએ છીએ કે, જો અમો માની લઇએ કે આ કતલ રાજ્ય માટે હતી. આથી તો કોઇ નથી કે, કાંતો તે ખુદાની મરજી પ્રમાણે તથા તેના હલાલ કીધાથી હોય; અથવા કાંતો તે ખુદાની નારાજી પ્રમાણે તથા તેમના ઉપર હરામ કીધા પ્રમાણે હોય ? તો જો પહેલું છે તો તો અમારી મતલબ પાર પડી, અને જો બીજું છે તો તેમના કહેવાનું, તથા તેમના પવિત્રના કહેવાનું જુઠું થવું. તથા તેમના વિષે ખુદાની જુઠી શાક્ષી આપવી લાગુ પડવાનું. અને લાગુ પડવાનું કે હજારો નિરાપરાધી (માસુમ) તથા નહિ કતલ કરવા જેવાઓનું ખુન તેમને માથે રહે. અને એક સારા માણસનું ખુન કરવું તે હલાક થવાને બસ છે. તો કેમ કરીને તેમને છેવટની મુકિત મળશે ? ૧. યોહાન ૩;૧૫માં છે. "અને તમો જાણો છો કે કોઇ મનુંષ્ય ઘાતકમાં (કાતેલ) અનંત જીવન રહેતું નથી." અને પ્રકટીકરણ ૨૧; ૮માં આવી રીતે છે. "પણ બીહીકણા તથા અવિશ્વાસીઓ તથા અમંગળ તથા ખુનીઓ તથા વ્યભિચારીઓ તથા જાદુગરો, તથા મૂર્તિ ભકતો તથા સઘળા જુઠા એઓનો ભાગ અગ્નિ તથા ગંધકથી બળનારી ખાહીમાં થશે. એજ બીજુ મરણ છે." ખુદાની પનાહ. અને લંબાણની બીહીકને લીધે હું આટલાપર બસ કરૂં છુ.

ત્રીજો વિષય—આગલી શરીઅતનાં ન્યાય કરણો આખેહુબ પાછલી શરીઅતમાં બાકી રહે એનું બંધન થતું નથી. એટલુંજ નહિ પણ એકજ શરીઅતમાં શરૂથી તે આખર સુધી ન્યાયકરણો બાકી રહે એનું બંધન થતું નથી. પણ લાભોના, વખતોના, અને ન્યાય કરણોના પાળનારાઓના ફેરફાર થવાના પ્રમાણમાં ન્યાયકરણો બદલાતાં રહે એ બનવા જોગ છે. અને એ વિષયો ત્રીજા અધ્યાયમાં એવી રીતે તેં જાણ્યા છે કે: તેથી વધારે નથી તો મુસ્વી શરીઅતમાં એવી રીતની જીહાદ દુરસ્ત હતી કે, જે નબુવ્વતના નકાર કરનારાઓ આગળ ઘણી ભુંડી તરેહના જુલમની ઢબ ઉપર છે. અને ઇસ્વી શરીઅતમાં તેનું દુરૂસ્ત થવું રહ્યું નહિ અને ઇશ્રાયલ પુત્રોને તેઓના મિસરમાંથી નીકળવા પહેલાં જીહાદનો હુકમ નહિ થયલો. અને તેઓના નીકળવા પછી તેઓને હુકમ થયલો. અને ઇશુ (અલે) પોતાના ઉતરવા પછી દજ્જાલને તથા તેનાં લશ્કરોને કતલ કરશે. જેમ કે તે ૨. થેસ્સાલોનીકી અધ્યાય ૨ તથા પ્રકટીકરણ અધ્યાય ૧૯ માં છે. અને એવીજ તરેહ કાફરો અને પાપીઓ બંનેનો મામલો એકજ ઢબ ઉપર હોય, એ પણ બંધન થતું નથી. જેમકે તે પહેલા વિષયમાં જાણી લીધું છે. તો જો કોઇ નબુવ્વતનો તથા વહી (પ્રેરણા)નો માનનારો હોય તેને એવી બાબતોમાં શરીઅત ઉપર શંકા કરવી દુરૂસ્ત નથી. તો તેને એમ કહેવું દુરૂસ્ત નથી કે નુહ (અલે) ના તોફાન (જલ પ્રલય)માં વહાણવાળાઓ વગર પ્રત્યેક જાનવરોનું હલાક કરવું. અને લુત (અલે) ના વખતમાં સદોમ અને ગમોરા અને તેની આસપાસવાળાઓને હલાક કરવું, અને મુસા (અલે) ના વખતમાં ઇશ્રાયલપુત્રોના મિસરમાંથી નીકળવાની રાત્રે મિસરવાળાઓની પ્રત્યેક મોટી ઓલાદને અને જાનવરોને હલાક કરવું. એ જુલમ હતો. વિશેષ કરી જળપ્રલયના બનાવમાં તથા પાછલા બે બનાવોમાં લાખો માણસોનાં નાનાં બાળકોને તથા જાનવરોનાં બચ્ચાંઓને નાશ કરવો કે જેઓ કોઇ પણ પાપમાં ખરડાયલાં નહિ. અને એવીજ તરેહ તેઓને કહેવું દુરૂસ્ત નથી. કે બધી સાત દેશજાતિઓને એવી રીતે કતલ કરવું કે તેમાંનું કોઇ બચે નહિ, વિશેષ કરી તેઓનાં નાનાં છોકરાં કે જેઓએ કાંઇ પાપ કરેલું નહિ. એ જુલમ છે. અથવા એમ કહેવું કે, સાત દેશ જાતિઓ વગર બીજાઓમાં પુરૂષોને કતલ કરવું, અને તેમનાં સંતાનને કેદ કરવાં, અને માલને લુંટવો, અથવા મિદયાનીઓનાં દુધ પીતાં છોકરાંઓ સુદ્ધાં બધા નરને કતલ કરવું, અને એવીજ તરેહ બધી સૈયબા (અકુંવારીઓ) ને કતલ કરવી. અને બધી કુંવારીઓને રહેવા દેવી પોતાને માટે, અને માલ તથા ઢોર ઉપર લુંટ ચલાવવી, એ જુલમ છે. અથવા તો કહેવું કે, દાઉદ (અલે) ની જીહાદ કરવી, તથા બધા ઇશ્રાયલી ભવિષ્યવાદીઓની જીહાદ કરવા, અથવા એલીઆનું બા

લના ૪૫૦ ભવિષ્યવાદી પુરૂષોને જુબહ કરવા, અથવા ઇશુ (અલે)ના ઉતરવા પછી દજ્જાલને, તથા તેના લશ્કરને કતલ કરવું, એ જુલમ છે. બુદ્ધિ કબુલ નહિ રાખતી કે, ખુદા એવું કામ કરે, અથવા એવા જુલમનો તે કોઇને હુકમ આપે. એવીજ તરેહ એમ કહેવું દુરૂસ્ત નથી કે, મુર્તિઓ માટે વધ કરનારને કતલ કરવું, તથા જે કોઇ અન્ય દેવની પુજા શીખવે તેને કતલ કરવું, તથા બધા ગામવાળાઓને કતલ કરવું, તેઓથી અન્ય દેવની પુજા શીખવવું જ્યારે સિદ્ધ થાય, અને એવીજ તરેહ વાછરડો પુજનારાઓના ૨૩ હજાર માણસોને મુસા (અલે) નું કતલ કરવું, એવીજ તરેહ મોઆબની છોકરીઓ સાથે વ્યભિચાર કરી તેઓના દેવને નમનારા ૨૪ હજારને મુસા (અલે) નું કતલ કરવું, એ સખ્ત જુલમ છે. આ કાયદાઓમાં એ માટે જબરાઇ છે કે કતલ અને પથ્થરના મારની બીહીકથી માણુસ મુશ્કી શરીઅત ઉપર થોભેલો રહે. અને જાહેર છે કે દીલનો વિશ્વાસ તે જબરાઇ કીધેથી મળે એ અસંભવિત છે. એટલુંજ નહિ પણ માણુસને ખુદાની પ્રીતિ પણ જબરાઇથી મળે એ અસંભવિત છે. તો આવા કાયદા ખુદા તરફના થતા નથી.

હાં, જે કોઇ માણુસ ભવિષ્યવાદપણાને તથા શરીઅતોને માનતા ન હોય, અને ધર્મ ભ્રષ્ટ નાસ્તિક હોય અને આના જેવી બાબતોનો નકાર કરે તો તેનાથી આઘું નથી. પણ અમારી વાતચીત આ પુસ્તકમાં તેઓની સાથે નથી. પણ અમારી વાતચીત એમાં આમ ખ્રીસ્તીઓથી અને વિશેષ કરી પ્રોટેસ્ટંટ વિદવાનોથી છે.

ચોથો વિષય.—પ્રોટેસ્ટંટ વિદ્વાનો જુઠો દાવો કરે છે કે, ઇસ્લામી ધર્મ તરવારથી ફેલ્યો છે. અને આ દાવો ખરો નથી. જેમ કે તેં આ પુસ્તકની પ્રસ્તાવનાના ૭મા વિષયમાં જાણી લીધુ છે, (જો પૃષ્ટ ૧૫,૧૬) અને તેઓનાં કામ તેઓના કહેવાથી જુદાં છે. કેમકે તેઓ તથા તેઓના પુર્વજો ત્રિદેવ માનનારા જ્યારે પુરતી રીતે કેથે કબજો કરે છે તો સામાવાળાઓને મટાડવામાં ઘણી કોશીશ કરે છે. અને હું તેઓની હાલતો તેઓનાં પત્રો તથા તેઓનાં પુસ્તકોથી નકલ કરૂં છું. તો હું પુસ્તક "કશફુલ આસાર ફી કસસે અંબીઆએ બની ઇશ્રાયલ." કે જેને તેં બીજા વિષયના વર્ણનમાં જાણી લીધું છે. તેથી યહુદીઓ સાથેના તેઓના હાલને નકલ કરૂં છું. હું કહું છું કે તેના કર્ત્તાએ પૃષ્ટ ૨૭ માં કહ્યું: "વડા કોન્સ્ટાંટીયન કે જે હીજરતથી આસરે ૩૦૦ વર્ષ પુર્વે હતો, તેણે યહુદીઓના કાનો કાપવાનો તથા જુદા જુદા પ્રાંતોમાં તેઓને દેશવટો આપવાનો હુકમ કીધેલો ફરી રૂમી રાજાઓમાંના રાજાએ ઇશ્વી ૫મા સૈકામાં સિકંદરીઆ શહેરથી કે જે લાંબી મુદતથી તેઓના ચેનની જગ્યા હતી. અને ત્યાં દરેક તરફથી આવતા હતા. ને તેમાં આરામ લેતા હતા. ત્યાંથી તેઓને કહાડવાનો હુકમ કીધો. અને તેઓનાં મંદીરો પાડવાનો, અને તેઓને બંદગીથી રોકાણનો, અને તેઓની શાક્ષી નહિ કબુલ કરવાનો, અને જો તેઓમાંનો કોઇ કોઇને પોતાના માલની વસીઅત કરે તો તેની વસીઅત નહિ ચલાવવાનો હુકમ કીધેલો. અને જ્યારે તેઓથી આ કાયદાઓને લીધે જરા બળવો થયો તો તેઓનો બધો માલ લુટી લીધો. અને તેઓના ઘણાને કતલ કીધા, અને જુલમ કરીને ઘણું લોહી વહેવડાવ્યું, જેથી એ પ્રાંતના બધા યહુદીઓ કાંપી ગયા" ફરી તેણે પૃષ્ટ ૨૮માં કહ્યું: "અંત્યોખ શહેરના યહુદીઓ જીતાઇ જવા પછી કેદ થયા તો કેટલાકનાં અવયવ (આજા) કપાયાં, અને કેટલાક કતલ થયા. અને બાકીના તેઓમાંના બધાઓને દેશવટો દીધો. અને રાજાઓના રાજાએ પોતાના બધા રાજ્યમાં આ બાપડાઓ ઉપર તરેહ તરેહનો જુલમ કીધો, ને ફરી છેવટમાં પોતાના રાજ્યાસ્થાનમાંથી કહાડી મુકયા. ને બીજા દેશના હાકેમોને ઉશ્કેર્યાં. કે તેઓ યહુદીઓ સાથે એવોજ મામલો કરે. ફરી તેઓનો એવો હાલ હતો કે; તેઓએ એશિયાથી તે યૂરોપની છેવટ સુધી એ જુલમને ખમા કીધો. ફરી થોડીજ મુદત પછી ઇસબન્યોલ રાજ્યમાં ત્રણ શરતોમાંની કોઇ શરતને કબુલ કરવાની સખતાઇ થઇ. (૧) તેઓ ખ્રીસ્તી ધર્મ કબુલ કરે (૨) અને જો તેઓ તેને કબુલ કરવાનો નકાર કરે તો તેઓ કેદમાં રહે. (૩) અને જો તેઓ બંને

વાતોનો નકાર કરે તો તેઓના દેશથી તેઓ ની કળી જાય; અને આના જેવો મામલો તેઓની સાથે ફ્રાન્સ દેશમાં બનયો. ફરી આ બાપડા એક દ્વીપથી બીજા દ્વીપમાં ફર્યા કરતા અને તેઓને કોઇ ચેનની જગ્યા મળતી નહોતી. અને તેઓને મોટા એશિયામાં પણ અમન મળ્યું નહિ, પણ જેવી રીતે ફ્રેન્ચ રાજ્યમાં તેઓ મરાયા તેવીજ રીતે ઘણીવાર કતલ થયા." ફરી તેણે પૃષ્ટ ૨૯માં કહ્યું: "કેથોલીક ધર્મવાળા તેઓપર જુલમ કરતા હતા. એવું માનવાને લીધે કે તેઓ કાફર છે. અને આ ધર્મના વડવાઓએ મનસુબો કરવા સભાઓ ભરેલી અને તેમાં કેટલાક કાયદા ચાલુ કીધેલા. ૧.લું-એ કે જે કોઈ ખ્રીસ્તીની વિરૂદ્ધ યહુદીની મદદ કરે તે પાપી થાય અને ધર્મથી નીકળી જાય. ૨.જુ એ કે કોઇ પણ યહુદીને કોઇ પણ રાજ્યમાં કોઇ પણ હોદ્દો અપાય નહિ. ૩.જુ એ કે જો કોઇ ખ્રીસ્તી યહુદીનો દાસ હોય તો તે છોડાયલો છે. ૪.થું એ કે યહુદીની સાથે કોઇ ખાય નહિ, અને તેની સાથે કોઇ મામલો કરે નહિ. ૫.મું એ કે તેઓના બાળકો છીણવી લેવાય અને તે ખ્રીસ્તિ ધર્મમાં પળાય. અને એવીજ તરેહના બીજા કાયદાઓ હતા." હું કહું છું કે પાંચમો કાયદો ઘણીજ સખતાઇનો છે એમાં કશો શક નથી. ફરી તેણે કહ્યું; "ફ્રાંન્સ દેશના સોલુસ શહેરવાળાઓની આદત હતી કે તેઓ પાસખાપર્વમાં યહુદીઓના મોંપર તમાચા મારતા હતા.અને બજીરસ દેશવાળાની આદત હતી કે ઇદના દિવસોમાંના પહેલા ઇતવારથી તે ઇદના દિવસ સુધી યહુદીઓને પત્થરો મારતા, અને એ મારવામાં ઘણીક કતલ પણ થતી, અને એ શહેરનો ખ્રીસ્તી ધર્મવાળો હાકેમ એવા કામ ઉપર ત્યાં વાળાને ઉશ્કેરતો." ફરી તેણે પૃષ્ટ ૩૦, ૩૧માં કહ્યું; "ફ્રાન્સના રાજાઓએ યહુદીઓ વિષે એક બાબતની તદબીર કીધી હતી. તે એકે તેઓ યહુદીઓને કમાઇ અને વેપારથી માલવાળા બને ત્યાં સુધી રહેવા દેતા, ફરી તેઓનો માલ છીનવી લેતા. અને આ જુલમ લાલચને લીધે છેવટે પુગેલો. ફરી જ્યારે ફીલીપ ઓગસ્ટસ ફ્રાન્સમાં રાજા થયો તો તેણે ખ્રીસ્તીઓ ઉપરના યહુદીઓના લેણામાંથી પાંચમો ભાગ લીધો અને બાકી (૪/૫)થી ખ્રીસ્તીઓના જીમ્માને છુટા કીધા. અને યહુદીઓને એક દાણો આપ્યો નહિ. ફરી બધા યહુદીઓને પોતાના રાજ્યમાંથી કહાડયા. ફરી રાજ્યાસનપર સેન્ટલુઇશ બેઠો અને તેણે બેવાર યહુદીઓને પાછા બોલાવ્યા અને બેવાર દેશવટો આપ્યો. ફરી ૬.ઠા-ચારલશે યહુદીઓને ફ્રેંચ રાજ્યથી દેશવટો આપ્યો અને ઇતિહાસથી સિદ્ધ થયું છે કે ફ્રાન્સના રાજથી યહુદીઓ સાતવાર કડાયલા છે. અને ઈસપનિયોલના રાજથી જે યહુદીઓ કડાયલા તેઓની ગણત્રી જો કમતીમાં કમતી લેવાઇ તો એક લાખ સિત્તેર હજાર ઘરોથી કમની નથી. અને નમસાના રાજમાં તેઓના ઘણા કતલ થએલા, અને ઘણા લુટાયલા, અને થોડાકજ બચેલા, અને તેઓ જે ખ્રીસ્તી બનેલા તે છે. અને તેઓમાંના ઘણા એવી રીતે મરેલા કે પ્રથમ તેઓના દરવાજા તેઓએ બંધ કરીને ફરી તેઓને નાશ કીધા. અને તેઓની ઓલાદને અને તેઓની સ્ત્રીઓને અને માલને નાશ કીધો. યાતો દરિઆમાં ડુબાવીને અથવા અગ્નિમાં બાળીને. અને મોકાદસ (પવિત્ર) જેહાદમાં તેઓમાંના અગણીત કતલ થયા. અને ઇંગ્રેજો યહુદીઓપર જુલમ કરવાને એકેમતે થયલા. ફરી જ્યારે યોરક શહેરના યહુદીઓને જુલમને લીધે મોટી નિરાશ મળી તો તેઓએ પોત પોતામાં કતલ ચલાવી જેથી એક હજાર પાંચશો પુરૂષ અને સ્ત્રીઓ અને છોકરાં કતલ થયાં. અને તેઓ એ રાજ્યમાં એવા ખિક્કારાયલા હતા કે, જયારે અમીરો રાજાપર બળવો કરતા તો તેઓ સાતસો યહુદીને કતલ કરતા, અને લોકોપર પોતાની જાહોજલાલી બતાવતા તેઓનો માલ તેઓ લુટતા. અને અંગ્રેજના રાજાઓમાંના રીચારડ, જોન, અને ત્રીજા હેનરીએ અનેકવાર યહુદીઓના માલને જુલમથી છીણવેલો. વિષેશ કરી ત્રીજા હીનરીએ. કેમકે તેની ટેવ હતી કે તે દરેક રીતે જુલમની રૂએ નિર્દયતાથી યહુદીઓને લુંટતો અને મોટા માલદારોને ફકીર કરી દેતો, અને તેઓ પર તેણે જુલમ કીધો જેથી તેઓ દેશવટો કરવાપર પોતે ખુશી થયા. અને તેના રાજ્યથી નીકળવાનો હુકમ માંગ્યો. પણ તેણે એ બાબતને પણ તેઓથી કબુલ રાખી નહિ અને જ્યારે એડવર્ડ પહેલો ગાદીએ બેઠો તો તેણે એ કામ આવી રીતે પુરૂં કીધું કે, તે

ઓનો બધો માલ લુટયો. ને ફરી પોતાના રાજય માંથી કહાડી નાંખ્યા અને તેણે પંદર હજારથી વધારે યહુદીઓને ઘણી તંગાસમાં કહાડયા," ફરી તેણે પૃષ્ટ ૩૨માં કહ્યું; "એક સફર કરનાર કે જેનું નામ સુથી છે તેણે નકલ કીધી છે કે તે ૫૦ વર્ષ પહેલાં તે પોર્તુગાલ કોમમાં ઉતર્યો હતો. તેઓ યહુદીને પકડતા હતા. અને તેને અગ્નિ થી બાળતા હતા. અને પર્વને દિવસે ભેગા થવા ને જેમ, તેના બાળવાને દિવશે તેઓના પુરૂષો અને સ્ત્રીઓ ભેગાં થતાં, અને તેઓ ખુશી કર તાં. અને તેના બળવાને વખતે સ્ત્રીઓ ખુશી માં બુમ પાડતીઓ હતી" ફરી તેણે પૃષ્ટ ૩૩ માં કહ્યું. "પોપ કે જે કેથોલીક પંથનો વડો છે તેણે કેટલાક સખત કાયદા યહુદીઓને માટે ઠરા વ્યા" અને "સીયરૂલ મોતકદદેમીન" વાલાએ કહ્યું કે "કોનસ્ટેનટીનના છઠા રાજાએ પોતાની સ્ત્રીના સમજાવવાથી સને ૩૭૯માં પહેલો હુકમ કહા ડયો કે જે કોઇ રૂમી રાજયમાં હોય તે ખ્રીસ્તી થા ય અને જે ખ્રીસ્તી નહિ થાય તે ક-તલ કરાયો જાય." આથી વધારે જબરાઇ કંઇ હશે ? અને પવિત્ર પુસ્તકોમાં સમાયલી આવતા વખતના બ નાવોની ખબરો ઉપર ટોમ્સ ન્યુટનની ટીકા છે. અને એ ટીકા સને ૧૮૦૩માં લંડન શહેરમાં છપા યલી તેના પુસ્તક ૨ પૃષ્ટ ૬૫માં ત્રીદેવ માન નારાઓનું યરૂશાલેમના જીતવાના વર્ણનમાં આ વી રીતે છે. "રૂમી સને ૧૦૧૧ના તમુજ (જુ લાઇ) ની ૧૫મીએ તેઓએ પાંચ સપતાનો ઘે રો નાખીને યરૂશાલેમને તાબે કીધું. અને ખ્રી સ્તીઓ સીવાય બીજાઓને કતલ કીધા. અને સિ-તેર હજારથી વધારે મુસલમાનોને કતલ કી ધા, અને યહુદીઓને ભેગા કરી તેઓને બાળી નાંખ્યા. અને મસજીદોમાંથી તેઓને મોટી લુટ મળી."

અને જયારે ખાસ યહુદીઓ ઉપર તથા રાજની સાર્વજનીક રૈયતપર, તેઓના જુલમ ક રવાના હાલને, તથા યરૂશાલેમ ઉપર તેઓનો કબજો થયા બાદ તેઓના કરવાને તે જાણી લી ધું તો, હવે હું કેથોલીક તેઓ સીવાય બીજા ખ્રીસ્તીઓ સાથે કીધેલામાંથી થોડુંક નકલ કરૂં છું. અને આ હાલતોને ૧૩ પત્રનું પુસ્તક અ રબી' છપાયલું ઇસ્વી સન ૧૮૪૯માં બાઇરૂતમાં થી નકલ કરૂં છું. ને કહું છું કે તેના પૃષ્ટ ૧૫,૧૬માં છે. "રોમની મંડળીએ પ્રોટેસ્ટંટ (એ ટલે શાક્ષીઓ અથવા સ્વતંત્ર સાક્ષીઓ)ની વિરૂ ધ્ધમાં ઘણીવાર મહેનતો તથા સખતાઇથી કહા ડવાને વાપર્યું છે. અને આ યુરોપમાં છે. અને ધારવામાં આવે છે કે જેઓ પોપો શીવાય ઇશુ પર વિશ્વાસ લાવ્યા અને એકલા પવિત્ર પુસ્તક ને તેઓના વિશ્વાસ તથા કૃત્યના માગ બતાવ નાર બનાવ્યું તેઓમાંના કમતીમાં કમતી બે લા ખ ત્રીશ હજાર માણસ અગ્નિમાં બળાયલા. અ ને તેઓમાંના હજારો અને લાખો તલવારની ધારથી, કેદથી, અને કલબતેનથી પણ હલાક થયા કે જે વીજળીના ખેંચાણથી સાંધાઓને જુદા કરવામાં આવે છે તેથી. અને તરેહ તરે હના ભુંડા દુઃખ આપ્યાં. અને ફ્રાંસમાં એક દિવશમાં ૩૧૦૦૦ પુરૂષો કતલ થયલા. અને તે મારેસ્થોલ માવસ નામથી ઓળખાતા દિવસ માં થયલું. અને આવીજ તરેહપર તે ઓના કપડાં પવિત્રોના લોહીથી ખરડાયલાં." મજકુર પુસ્તકના ૧૨માં પત્ર પૃષ્ટ ૩૩૮માં છે. "તોલીદ અને સ્પેનીઆમાં જે સભા મળેલી તે માં એક કાયદો ઘડાયલો મળી આવે છે. તે ક હે છે કે હમો એક કાયદો ઘડીએ છીએ કે જે કોઇ અત્યાર પછી આ રાજયમાં આવે તે જો પ્રથમ સમ નહિ ખાય કે, કેથોલીક સીવાય બી જા કોઇને તેના રાજયમાં રહેવા દેશે નહિ તેને હમો રાજ્યાસને બેસવાનો હુકમ નહિ આપીશું. અને જો તે હુકમના લીધા પછી આ સ્થાપના ની વિરૂદ્ધ કરે તો તે હમેશના ખુદાની આગળ અભાગીઓ થાએ. અને હમેશના અગ્નિને માટે તે લાકડાની માફક થાય." અને મજમઉલ મજા મેઅ કારતરાનીની (કારતરાનીની સભાઓનો સંગ્ર હ) પૃષ્ટ ૪૦૪ "લાતરાની સભા કહે છે કે બ ધા રાજાઓ, સુબાઓ, અને રાજયવાળાઓને જો ઇએ કે તેઓ કસમ ખાય કે, તેઓ પોતાની પુ રતી કોશીશથી તથા પોતાના અંતઃકરણથી બ ધી રૈયતની કે, જેઓપર તેઓને મંડળીના તરફ થી સ-તા મળી છે. તેઓની જડ કાપી કહાડે એ ટલા માટે કે તેઓ આરટકા (ઠુગનારો) છે, અ

ને તેઓમાંના કોઇને તેઓની આસપાસ મુકાય નહિ. અને જો તેઓ આ સોગંદની સંભાળ ન હિ કરે તો તેઓની તાબેદારી કરવાથી તેઓની કોમ છુટી છે." પારેગ્રાફ ૩ "આ કાયદો કોન્સ ટન્ટીની સભામાં પણ સિદ્ધ થયલો" બેઠક ૪ પાપા મરટીનુસ ૫ માની વિધીથી (દલાલ ફીકલથી) "જે કસમ કે પોપ પાઉલના રાજ્યમાં ઓસકોફીથી લેવાયલી સને ૧૫૫૧માં તેમાં આ વાત મળી આવે છે. હુગનાટો (આરટકા), અને અમારા સ્વામી પોપથી તથા આ તેના ખલીફાથી વિરૂદ્ધ રાખનાર તથા હુકમમાં નહિ રહેનારાઓને હું મારી પુરતી શક્તિથી હાંકી મુકીશ. અને હું તેઓનો નાશ કરીશ. અને લાતરાની તથા કોન્સટાન્ટેન સભાઓ કહે છે કે જે કોઇ હુગનાટોને પકડે તેને હુકમ તથા અખતીઆરી છે કે, તે તેઓના બધા માલને લઇ લે. અને વગર રોકાણે તેને તે પોતાના કામમાં લે." મજમએ લાતરાની ૪ પુસ્તક ૨ ભાગ ૧ પૃષ્ટ ૧૫૨ તથા મજમએકરટાનટીની બેઠક ૪૫ પુસ્તક ૭ "અને પોપ ઇનુશની સુસ ત્રીજો કહે છે કે આ ખુન કરવું હુગનાટો ઊપર અમો દરેક રાજાને અને પ્રત્યેક હાકેમોને હુકમ કરીએ છીએ અને મંડળીના ખુન કરવાના નીચે તેને તેઓથી લાજમ કરીએ છીએ." પુસ્તક ૫. ના. ૭ "અને શને ૧૭૨૪માં ૧૧મા લુઇશ રાજાએ ૧૮ કાયદાઓ ઘડયા તેમાંનો પહેલો. કે અમો હુકમ કરીએ છીએ કે, કેથોલીક ધર્મ એકલા માટેજ અમારા રાજ્યમાં રહેવાનો હુકમ છે. અને જે કોઇ બીજા ધર્મને પકડે તે પોતાની લાંબી જીંદગી સૂધી બંધનથી એટેકાળમાં ચાલ્યો જાએ. અને સ્ત્રીઓ તેઓના બાલ કાપી નખાઇ. અને મરતા સૂધી કેદમાં નંખાઇ. અને બીજું એકે બધા બોધકો કે જેઓએ લોકોને કેથોલીકની શ્રદ્ધા શીવાય બીજી સીખવે. અને જેઓએ તેની વિરૂદ્ધ પ્રાર્થનાને શીખવી અથવા કીધી તઓને મોતની શિક્ષા કરાયે. અને સ્પેન્યામાં સને ૧૭૬૫માં રાજાને સામે કરી અદ્યક્ષોના કહેવામાં છે. તેઓ તેને કહે છે કે વિધીઓને પુરતી શકિત દે. અને ધર્મને તેની પુરતી મહીમા દે. કે જેથી આ કહેવું સને ૧૭૨૪ના અમારા તે કાયદાને નવા બાંધવાનુ કારણ થાએ" મજકુરમાં છે "પોપોના રાજ્ય હેઠલ ઇગલેતરાઓના કાયદાઓમાંથી હતું કે જે કોઇ એમ કહે છે કે લાઇકુનીઓના દંડવત (પ્રાર્થના) કરવાનું જે કોઇ દુરસ્ત નહીં કહે તે સખત કેદમાં કેદ નખાઇ. એ સુધી કે તે સમ ખાઇ કે તે તેને દંડવત કરશે. અને ઓસકોફકે મંડળીના જજને અધિકાર છે કે, જેના વિષે એવા સંદેહ થયો હોય કે તે હુગનાટી છે તે તેની પાસે હાજર કરાય, અથવા તે કેદકરાય. અને જે કટો હુગનાટ તે વિદેશીઓની દ્રષ્ટિમાં અગ્નિથી બાળી નંખાય. અને બધા અમલદારો તો તેઓ સમ ખાએ કે તેઓ આ કાજીને મદદ કરે હુગનાટોની જડ કાપવા ઉપર કે જે કોઇ પોતાના હુગનાટપણાને જાહેર કરે તેઓનો માલ છીનવી લે અને તેઓ તેના તરફ સોપે અને તેઓનું પાપ અગ્નિના ભડકાથી મટાવાએ." કોફ ફરાએજ ના. ૩ પૃષ્ટ ૪૦, ૪૧ એજન ના. ૪ પૃષ્ટ ૫૧. "અને બારનિયુસ કહે છે કે, રાજા કેરલુસ ૫ મો પોતાની ખોટી ધારણાથી ધારતો હતો કે; તે હુગનોટોની તલવારથી નહિ પણ વાદથી જડ કાપશે. અને પવિત્ર પુસ્તકોનું લીસ્ટ છપાયલું રૂમીઆમાં લેટિન તથા અરબીમાં હૈયા (હે એ) અક્ષરની નીચે આ શીખામણ મળી આવે છે. 'અમને જોઇએ કે અમો અરાટીકાઓનો નાશ કરીએ,' અને તે એની સાબીતીમાં લાવેલો છે કે યાહુ રાજાએ જુઠા યાજકોને કતલ કીધેલા. અને એલીઆએ બાલના યાજકને જબેહ કીધેલા. અને એ વિગેરે. તો હવે એવીજ તરેહ મંડળીનાં છોકરાંઓને જોઇએ કે તેઓ અરાટીકાઓનો નાશ કરે." ફરી પૃષ્ટ ૩૪૭; ૩૪૮ માં છે. "કર્મ મલયીન રાજ્યમાંનો ઐતિહાસીક મેટાવાન તેના સિવાય બીજા ઐતિહાસીકોથી મળતો થૈને અમને ખબર આપે છે કે, એક માતબર સુવાર્તાને પ્રગટ કરનારની કે જે રૂદનનો થોમા કહેવાય છે. તેને પોપે અગ્નિથી બાળી કહાડયો. કેમકે તેણે રોમાન્યા મંડળીની બુરાઇઓના મુકાબલામાં એક ચોપડી કે વાતો પ્રગટ કીધેલી. અને ઐતિહાસીકો તેને કીદદસ (પવિત્ર) શહીદ; ખ્રીસ્તને લાયક કહે છે." અને પૃષ્ટ ૩૫૦–૩૫૫માં છે. "સને ૧૧૯૪માં સ્પેન્યામાં ઉરાગુનના રાજા અલેડેફુન સુએ પોતાના દેશથી વાડીવાલાઓને કહ્યુ

ડી નાંખવાનો હુકમ કીધેલો. કેમકે તેઓ અરાટીકા હતા. અને સને ૧૨૦૬માં સોલુસ શહેરના હાકેમ અમીર રાયમુનને ચીડવવા પોપે તપાસ કરનાર ઘરના ન્યાયાધીસોને તે શહેરમાં મોકલેલા. કેમકે મજકુર અમીર આ વાડીવાલાઓને દેશવટો આપવાનો નકાર કરતો હતો. ફરી થોડી મુદ્દત પછી ફ્રેંચના રાજાએ પોપની માગણીથી તે દેશમાં તથા તેની આજુબાજુમાં લશ્કરને મોકલ્યું કે, જેની ગણત્રી ૩ લાખ છે. ફરી અમીર રાયમુનને તેના દેશમાં પોતાની જાનના બચાવ માટે તથા શક્તિથી શક્તિ મટાવવા ઘેરો નાંખ્યો. ફરી તે લડાઇમાં ૧૦ લાખ માણુસો જુએહ થયા. અને રાયમુનવાળા હારી ગયા. એને દરેક તરેહના અપમાન તથા દુઃખે તેઓને ઘેરો નાંખ્યો. અને પોપ એ લડાઇની હીલચાલમાં હતો. તે પોતાના સમુદાયને કહેતો હતો કે, અમો તમને વધારશું અને અમો ત મારાપેર ફરજ પાડીએ છીએ કે, તમો આ ખબીશ અરાટકા એટલે અલબજ્યીન અરાટીકા (વાડીઓવાલા)ના મારવામાં મહેનત ક્યો. અને તેઓને મજબુત હાથોથી હઠાડી નાંખો. સારાજીએ, (મુસલમાનો)ના વિરૂદ્ધમાં થાય છે તેથી સખતાઇથી. અને સને ૧૪૦૦ના પહેલા કાનુન મહિના (ડીસમબર) ની છેવટમાં પોપવાળા એકાએક વાડીવાલાઓ ઉપર ઉભાથયા. સરદીન્યા રાજયના પ્રાંત ઓદયા બૈથ મોંટમાં. ફરી તેઓ તેઓના મુખ જોઇને વગર લડે નાઠા. પણ તેઓમાંના ઘણા તલવારથી કતલ થયા. અને ઘણા બરફથી મરાયા. ફરી એ પછી ૮૭ વર્ષ પછી પોપે અલ બરટુસ અલશીદયા કુનુસને કરીમુનયા દેશમાં હુકમ કીધો કે તે ફ્રેંચના સામેના ગામોમાં તથા ઓદયા બૈથ મોંટમાં વાડીવાલાઓ સાથે લડાઇ ચલાવે. કેમકે સને ૧૪૦૦માં લડાઇ પછી જેઓ પાછા ફર્યા તેમાંના કેટલાક બચેલા છે. અને આ મજકુર પુરૂપ તરત આગળ વધ્યો. અને તેની સાથે ૧૮૦૦૦ લડવૈયા હતા. અને તેણે તે લડાઇને કે જે ત્રીસ વર્ષ ચાલુ રહેલી તેને ઉભી કીધી તેવા ખ્રીસ્તીઓ ઉપર' કે જેઓએ કહ્યું કે અમો દરેક વખત રાજાને માન આપશું. અને ટેકસ ભર્યા કરશું પણ અમારી જમીન તથા અમારો ધર્મ કે જેને અમો ખુદાથી તથા અમારા બાપોથી વારશ થયા છીએ તેને હમો છોડવા ચાહતા નથી. અને ઈટાલ્યા મુલકના કાલા બરીયામાં શને ૧૫૬૦માં લાખો પ્રોટેસ્ટેંટ મરાયા. તેઓમાંના કેટલાક લશ્કરથી કપાયા. અને કેટલાક તપાસ કરનારી ઘરની કચેરીથી. રોમાનીઆ શિક્ષકોમાંના એકે કહ્યું કે હું જયારે ધ્યાનમાં લઉં છુ તે જલ્લાદ (કાપી નાંખનાર)ને, અને લોહીવાળા ખંજરને કે જે તેના દાતાઓમાં છે, અને રૂમાલને કે જે તેના હાથમાં ટપકાવે છે. અને તે તેના હાથોમાં પોંચા સૂધી ખરડેલા છે. ને એક પછી એકને ખાટકી જેમ બકરાંને કરે છે. તેમ તે એંચે છે, તો હું કાંપી ઉઠું છું અને સને ૧૬૦૧ માં ડુકસાફુવીએ વાડીવાલાઓમાંના ૫૦૦ ગરીબોને દેશવટો આપ્યો. એજન સને ૧૬૫૫, ૧૬૮૬,માં ઓદયાબેદ મોનટમાં તેઓ ઉપર નવી શખતીઓ થઇ. કેમકે પોપના કહેવાથી ૧૪મા લુઇસે પોતાના લશ્કરને તેઓની આગળ કીધું. અને જુઓ તો તેઓ પોતાના ઘરોમાં ઘણા ચેનથી હતા. ફરી લશ્કરે તેઓના ઘણા લોકોને જબેહ કીધા. અને દશ હજારથી વધારેને કેદમાં રાખ્યા. ફરી તેઓમાંના ઘણા ભુખે અને ભીડથી મરી ગયા. અને જેઓ કે રહી ગયા તેઓને એટલા માટે કહાડયા કે તેઓ તે દેશથી નીકળી જાએ અને તે દિવશ ઘણો થંડીનો હતો અને પૃથ્વી બરફ તથા કરાથી ઢંકાયલી હતી. જેથી ઘણી માઓ તથા તેઓની ગોદમાં તેઓના છોકરા થંડીથી રસ્તાની બાજુએ મરેલા હતા. અને સને ૧૫૨૧માં પાંચમા કારલુસે પોપની રાયથી ફ્લામનક શહેરમાં પ્રોટેસ્ટંટને કહાડી મુકવાનો હુકમ કહાડેલો અને એ સબબથી પાંચ લાખ માણુસો કતલ થયલા. અને કારલુસ પછી તેનો છોકરો ફેલબસ રાજા થયો અને જયારે તે સને ૧૫૫૯માં સ્પેન્યામાં ગયો તો પ્રોટેસ્ટેંટને હાંકવા માટે એક કરવૈઆને ખલીફા બનાવી ગયો. અને મજકુરે ધર્મિ બાદશાહી જલ્લાદના હાથથી થોડાક મહિનામાં અઢાર હજારને કતલ કીધા. અને એ પછી તે અભીમાન કરતો હતો કે તેણે દરેક રાજયમાં છત્રીસ હજારને કતલ કીધા છે. અને જે કતલનું વર્ણન શિક્ષકકીને કીધું તે ઇદ (પર્વ) માર બરથુલ માવસ ૨૪ આબ (અગસ્ટ) સને ૧૫૭૨માં. થયું હતું. પુરતી ચેનના વખતમાં અને તે રાજા ફ્રેંચનો રાજા હતો. તેણે

અમીર નાફારને કે જે પ્રોટેસ્ટંટ વિદ્વાનોમાંનો તથા તેઓના માનવંતાઓમાંથી હતો તેને પોતાની બહેનનો વાયદો કીધેલો. ફરી તે તથા તેના મિત્રો મંડળીના મુખીઓ વિવાહના વાયદાને પુરો કરવા પારીશમાં ભેગા થયા. અને જ્યારે સવારની પ્રાર્થના માટે ઘંટ થયો તો તેઓ પોતાની આગલી બાંધછોડ પ્રમાણે એકાએક અમીર, તેના સાથીઓ, તથા બધા પ્રોટેસ્ટંટ ઉપર પારીસમાં ઉભા થયા. ને તેજ વખત તેમાંના દશ હજારને જબેહ કીધા. અને એવીજ તરેહ રૂયન, લેયુન, તથા તે દેશના ઘણા શહેરોમાં પણ ચાલ્યું તે એટલા સૂધી કે કોઇક ઇતિહાસકે કહ્યું છે કે આશરે સાઠ હજાર કતલ થયા. અને આ જેહાદ ત્રીસ વર્ષ સૂધી ચાલુ રહી, કેમકે પ્રોટેસ્ટંટોએ પોતાના હથિયારો લીધેલા કે જેથી શકિતને શકિતથી તોડે, અને એ લડાઇમાં તેઓમાંના નવ લાખ મરણ પામ્યા. અને જ્યારે રૂમમાં ઇદિ માર બર થોલ માંવસમાં ફ્રેંચનું કૃત્ય સંભળાયું. તો તેઓએ બુરજીઓથી તોપો છોડી અને પોપ કુરદી નાલચેની સાથે મારપીતરના ગીરજામાં ઉપકાર માનવા માટે ગીત ભણવા ગયો. અને રોમાન્યા મંડળીથી જે કાંઇ રાજાએ આ કામની સાથે કીધું. તેની ખુબી તથા ડહાપણ વિષે લખાણ મારફતે રાજાને માન આપી ઉપકાર માન્યો. ફરી જ્યારે ચોથો હેનરી રાજા ફ્રેંચ તખ્ત ઉપર બેઠો તો તેણે એ જીહાદને ૧૫૯૩માં બંધ પાડી. પણ ધારવામાં આવે છે કે, ધર્મની બાબતમાં છીનવી લેવાનું કબુલ નહીં કરવાથી તેણે કતલ ચલાવી. ફરી તેણે સને ૧૬૭૫માં નવી જીહાદ કીધી. અને ઘણી મખલુકના કતલ થયા પછી ઇતિહાસકો કહે છે કે ૫૦ હજાર માણુસો દેશ તજવા માટે લાચાર થયા કે તેઓ મોતથી મુકિત પાંમે.' અને આ પુસ્તકની ઇબારતને શબ્દે શબ્દ ૧૨મા પત્રથી મેં ઉતારો કીધો છે.

અને જ્યારે તેં કેથોલીક ટોળાના જુલમના વર્ણનને જાણી લીધું તો એની લગભગ પ્રોટેસ્ટંટ ટોળાના જુલમનો હાલ તું જાણ. અને એ વર્ણનને હું "મીરસઅતુ સીદક" પુસ્તકથી નકલ કરું છું. કે જેનો તરજુમો કેથોલીક વિદ્વાનોમાંના પાદરી ટામ્સ ઇંગ્લસે અંગ્રેજીમાંથી ઉર્દુમાં કીધો છે. અને ઇશ્વીસને ૧૮૫૧માં છપાયલું છે, અને એ પુસ્તક એ ટોળાવાળા પાસે હિંદુસ્તાનમાં ઘણું મળે છે. પૃષ્ટ ૪૧, ૪૨માં છે. "પ્રોટેસ્ટંટોએ પોતાની શરૂ બાબતમાં ૬૪૫ ધર્મશાળા, અને ૯૦ સ્કૂલો, અને ૨૩૭૬ ગીરજા અને ૧૧૦ દવાખાંનાં તેઓની મીલ્કતથી છીનવી લીધાં. ફરી તેને જુજ કીમતમાં વેચ્યાં, અથવા અમીરોએ તેને પોતપોતામાં વહેંચી લીધાં. અને હજારો બીચારા નિર્ધનોને, આ જગ્યાથી નાગા કહાડયા." ફરી પૃષ્ટ ૪૫માં કહ્યું: "તેઓની લાલચનો હાથ વધ્યો કે તેઓએ મુરદાંઓને પણ મુકયાં નહિ. તેઓના દેહને ન અસ્તિની ઉંઘમાં તેઓએ ઇજા દીધી. અને તેઓનાં કફન છીણવ્યાં." ફરી પૃષ્ટ ૪૮, ૪૯માં છે. "એ લૂંટોમાં લાયબ્રેરીઓનો નાશ થયો. જેનું વર્ણન જીબેલે આવા શબ્દોથી અફસોસ ખાતાં કીધું 'તેઓએ પુસ્તકોને છીનવી લીધાં અને તેના કાગળોને ભુજવામાં અને દીવડીઓ તથા જોડાંઓને સાફ કરવામાં વાપર્યાં. અને કેટલાંક પુસ્તકોને ગાંધીઓ તથા સાબુના વેચનારાઓને વેચ્યાં. અને તેમાંનાં ઘણાં સમુદ્રપાર પુસ્તક બાંધનારાઓને હાથે વેચ્યાં. અને આ પુસ્તકો સો પચાસ નહોતાં. પણ સ્વારીઓ તેથી ભરેલીઓ હતી. અને તેનો નાશ કીધો. તે એવી રીતે કે પારકી દેશ જાતિઓએ પણ આશ્ચર્ય કીધું. અને હું એક વેપારીને જાણું છું કે તેણે બે લાયબ્રેરીઓ ખરીદી. દરેકને ૨૦ રૂપિએ. અને આ જુલમ પછી તેઓએ ગીરજાઓના ખજાનાઓમાંથી ખુલ્લી દીવાલો વગર કાંઇ મુકયું નહિ. ફરી તેઓએ પોતાના જીવને ઇજતવાળો ગણ્યો.' અને તેઓએ પોતાના પંથવાળા લોકોથી ગીરજાઓ ભર્યા." ફરી પૃષ્ટ ૫૨-૫૬માં કહ્યું: "પ્રોટેસ્ટંટ ટોળાવાળાઓએ આજદીન સુધી કેથોલીક ટોળા વિષે જે જુલમનાં કામો કીધાં તેને ધ્યાનમાં લઇએ. તેઓએ એકસોથી વધુ કાયદાઓ ઘડયા કે જે બધા જુલમને લીધે ન્યાય તથા દયાને વિરૂદ્ધ છે. અને અમો આ જુલમી કાયદાઓમાંથી કેટલાક વર્ણવીએ છીએ. (૧) કેથોલીક પોતાનાં મા બાપનો વારસ નહિ થાય. (૨) પ્રોટેસ્ટંટ થયા સિવાઈ તેઓમાંનો કોઇ પોતાની ઉમર ૧૮ વર્ષ ગુજરી

ગયા પછી જમીન ખરીદી શકે નહિ. (૩) તેઓની નિશાળ થાય નહિ. (૪) તેઓમાંનો કોઇ શીખવવામાં લાગે નહિ. અને જે કોઇ આ કાયદાને વિરૂદ્ધ પડે તે હમેશાંની કેદમાં જાય (૫) જે કોઇ એ પંથમાં હોય તે બેવડો કર આપે. (૬) તેઓના પાદરીઓમાંનો કોઇ જો પ્રાર્થના કરે તો તેના ઉપર તેના માલમાંથી ૩૩૦ રૂા. ભરવાના છે. અને તેઓમાંનો કોઇ પ્રાર્થના કરે, અને તે પાદરી ન હોય તો, તેના ઉપર રૂા. ૭૦૦ ભરવાના છે. અને એક વર્ષ કેદ થાય. (૭) જો તેઓમાંનો કોઇ પોતાના છોકરાને ઇંગ્લાંડથી બહાર વિદ્યા શીખવા મોકલે તો તે તથા તેનો છોકરો કતલ કરાયો જાય. અને તેનો માલ તથા તેનાં ઢોરો બધાં છીનવી લેવાય. (૮) તેઓમાંનો કોઇને રાજ્યમાં હોદ્દો અપાય નહિ. (૯) તેઓમાંનો જે કોઇ રવીવારે કે ઇદોમાં પ્રોટેસ્ટંટના ગીરજામાં નહિ હાજર થાય તેનાથી દર માસે રૂા. ૨૦૦ લેવામાં આવે. અને તે સમુદાયથી નીકળી જાય. અને તેને હોદ્દો અપાય નહિ. (૧૦) તેઓમાંનો જે કોઇ લંડનથી પાંચ મૈલને આશરે આઘો જાય તો તેની પાસેથી રૂા. ૧૦૦૦) દંડ લેવામાં આવે (૧૧) તેઓમાંના કોઇની ફરિયાદ હાકેમો આગળ કાયદાસર સાંભળવામાં આવે નહિ. (૧૨) તેઓમાના કોઇને અખ્તીયાર નથી કે તે એવી બીહીકથી પાંચ મૈલથી વધારેની સફર કરે કે, તેનો માલ કે, તેનો અસબાબ લૂંટાશે. અને એવીજ તરેહ તેઓમાંના કોઇને શક્તિ નથી કે; હાકેમની આગળ એવી બીહીકથી કે તેની પાસેથી રૂા. ૧૦૦૦) દંડ લેવામાં આવે છે. તે કોઈ બાબતની ફરિયાદ કરે. (૧૩) તેઓના નિકાહ, તેઓનાં મુરદાઓનું કફન દફન, અને તેઓનાં છોકરાંઓનું બાપ્તિસ્મા જ્યાં સુધી ઇંગ્લેતરા (ઇંગ્લીશ) ચર્ચની રીત પ્રમાણે નહિ થાય ત્યાં સુધી તે કામ બહાલ નહિ થાય. (૧૪) એ પંથની જો કોઇ સ્ત્રી વિવાહ કરે તો સરકાર તેના જેહેજ (પલ્લા)માંથી ત્રીજો લે. અને તે તેના પતિના માલથી વારસ થાય નહિ અને તેનો પતિ તેણીને માટે કોઇ પણ વસ્તુનું વસિયતનામુ કરે નહિ. અને જ્યાં સુધી તેણીઓના ધણી દરેક મહિને રૂા. ૧૦–૧૦ અને પોતાની જમીનમાંથી ત્રીજો હીસ્સો સરકારને આપે નહિ ત્યાં સુધી તેએની બાયડીઓ કેદમાં રહે (૧૫) ફરી અનજામ એક કાયદો નીકળ્યો કે, તેઓમાંના બધા જ્યાં સુધી પ્રોટેસ્ટંટ નહિ થાય ત્યાં સુધી તેઓ કેદમાં રહે. ને ફરી તેઓને તેઓની જીંદગી સુધી શહેરવટો અપાય. અને જો તેઓ હુકમ નહિ માને, અથવા વગર હુકમે દેશવટાથી પાછા આવે તો તેઓ મોટા અપરાધી થશે. (૧૬) તેઓના કતલ થવાની વખતે તથા તેઓના કફન દફનની વખતે પાદરી હાજર થાય નહિ (૧૭) તેઓમાંના કોઇના ઘરમાં હથિયાર રહે નહિ (૧૮) તેઓમાંનો કોઇ રૂા. ૫૦) થી વધુ કીંમતના ઘોડાપર સ્વારી કરે નહિ (૧૯) જો તેઓનો કોઇ પાદરી પોતાને લગતી ખીજમત બજાવે તો તે જન્મ કેદમાં જાય. (૨૦) જે પાદરી કે તેની પેદાશ ઇગ્લેતરાની હોય અને પ્રોટેસ્ટંટ નહિ થાય તે જો ઇંગ્લેતરામાં ૩ દિવસથી વધારે રહે તો એવું જાણુવામાં આવશે કે, તે બળવો કરનાર છે. અને તે મરાયો જાય. (૨૧) જે કોઇ મજકુર પાદરીને પોતાના ઘરમાં ઉતારે તે કતલ કરાયો જાય. (૨૨) કેથોલીકની શાક્ષી અદાલતમાં કબુલ થાય નહિ. અને આ જુલ્મી કાયદાઓ ઉપરથી એલીઝાબેથ રાણીના વખતમાં ૨૦૪ માણુસો મરાયલા. તેમાંના ૧૦૪ પાદરીઓ હતા. અને બાકી શ્રીમતો (ગની) હતા. અને તેઓનું આ સિવાય કાંઇ પાપ નહોતું. કે તેઓએ ઇકરાર કીધો કે તેઓ કેથોલીક પંથના છે. અને ૯૦ પાદરીઓ તથા બીજા વડીલો કેદમાં મર્યા. અને ૧૦૫ માણુસને જન્મ દેશનીકાલ કીધો અને તેઓમાંના ઘણાઓને ચાબુકો મરાયા. અને તેઓની માલ મીલકતથી તેઓને અભાગ્યા કીધા અને દંડી દીધા. સ્કોટની રાણી મેરી પ્રખ્યાત કતલ થઇ એટલા માટે કે, તે કેથોલીક ધર્મની હતી. અને જુઓ તો તે એલીઝાબેઠ રાણીની ખાલાંની છોકરી હતી." ફરી તેણે પૃષ્ટ ૬૧–૬૬ માં કહ્યું: "તેઓના ઘણા મઠપતિઓ (રાહેબો) અને વિદ્વાનોને એલીઝાબેથ રાણીના હુકમથી વહાણુમાં સ્વાર કરાયા. અને ફરી તેઓ સમુદ્રમાં ડુબાવાયા. તેણીનું લશ્કર આયર્લાંડમાં આવ્યું કે કેથોલીક ધર્મવાળાઓને પ્રોટેસ્ટંટ ધર્મમાં દાખલ કરે. ફરી તેઓએ કેથોલીકના ગીરજાઓ

બાળ્યા. અને તેઓના વિદ્વાનોને કતલ કીધા. અને તેઓ તેઓને જંગલી જાનવરોની પેઠે શીકાર કરતા હતા. અને તેઓ કોઈને અમન આપતા નહોતા. અને જો કોઇને અમન આપતા તો તેને પણ અમન આપ્યા પછી કતલ કરતા. અને સમરૂકના કીલ્લામાં જે લશ્કર હતું તેને તેઓએ જાુએહ કીધું. અને તેઓએ ગામડાં તથા શહેરોને બાળીને દાણાને તથા ઢોરોને ખગાડ્યાં. અને ત્યાં વાળાને પદ્વી તથા ઉમરને વગર જાુએ શેહેરવટો આપ્યો. ફરી સને ૧૬૪૩, ૧૬૪૪માં પાર્લામેંટે ગવરનરોને મોકલ્યા. કે તેઓ કેથોલીકના બધા માલને, તથા તેઓની જમીનને વગર કોઇને મુકે છીનવી લે. અને તરેહ તરેહનો જુલમ ૧ લા જેમ્સ રાજા સુધી રહ્યો અને તેના વખતમાં જુલમમાં ઘટાડો થયો. ફરી ૧૭૭૮ માં રાજાએ તેઓના ઉપર દયા કીધી. પણ પ્રોટેસ્ટંટોએ તેઓ ઉપર સખ્તાઇ ગુજારી. અને પ્રોટેસ્ટંટના ૪૪૦૦૦ હજાર માણસો તરફથી રાજાની આગળ તા૦ ૨ જી હજીરાન (જુન) સને ૧૭૮૦ માં અરજી ગુજારી. અને માંગણી કીધી કે જુલમી કાયદાઓને જેમ હતા તેમ કેથોલીક ધર્મવાળાઓને માટે પાર્લામેંટ બહાલ રાખે. પણ પાર્લામેંટે તેઓના તરફ ધ્યાન આપ્યું નહિ. ફરી એક લાખ માણસ પ્રોટેસ્ટંટના લંડનમાં ભેગા થયા. અને ગીરજાઓને બાળી નાંખ્યા અને કેથોલીકનાં ઘરોને પાડી કહાડયાં. અને અગ્નિ એક જગ્યાથી ૩૬ જગ્યામાં દેખાતી હતી. અને આ રીતનો છ દિવસ સુધી ઉભો રહ્યો. ફરી રાજાએ સને ૧૭૯૧ માં એક કાયદો ઘડયો અને કેથોલીકવાળાઓને કેટલાક હકો આપ્યા કે; જે આજ સુધી તેઓને મળેલા છે" ફરી તેણે પૃષ્ટ ૭૩, ૭૪ માં કહ્યું છેઃ "શું તમોએ ચારટર સ્કૂલનો હાલ સાંભળ્યો નથી કે જે, આયર્લાંડમાં છે? આ વિષય સિદ્ધ થઇ ચુકયો છે કે, પ્રોટેસ્ટંટ દર વર્ષે બે લાખ ને ૫૦ હજાર રૂપીઆ અને મોટાં મોટાં ઘણાં ઘરોનું ભાડું ભેગું કરતા હતા. અને તેથી નિર્ધન બાપડા કેથોલીકનાં છોકરાંઓને ખરીદતા હતા. અને તેને છુપાવીને બીજે દેશ ગાડીએ ચડાવી મોકલતા હતા, કે તેઓનાં માબાપ તેઓને જાુએ નહિ. અને ઘણીવાર એમ થતું કે, આ અભાગ્યા (વેચાયલા) જ્યારે પોતાને દેશ પાછા ફરતા તો પોતનાં ભાઇ બહેનથી અથવા પોતાનાં માબાપથી અજ્ઞાનતાને લીધે તથા નહિ ઓળખવાને લીધે પરણતાં હતાં"

અને જે જુલમ કે કેટલાક પ્રોટેસ્ટંટોથી બીજાઓની સાથે થયો છે. તેને હું લંબાણને લીધે નકલ કરતો નથી. અને આટલા ઉપર બશ કરૂં છું.[1] અને કહું છું કે મોહંમદી ધર્મ ઉપર આશંકા કરનારાઓને જુએ કે, તેઓએ પોતાના ધર્મને કેવી રીતે જોર જુલમથી ફેલાવ્યો છે.

પાંચમો વિષય—મોહંમદી શરીઅતમાં જેહાદનો હુકમ આવી રીતનો છે કે પ્રથમ કાફરોને સારા બોધથી ઇસ્લામના તરફ બોલાવાય. ફરી જો તેઓ કબુલ રાખે તો ઠીકજ છે. અને તેઓ અમારા જેવા થવાના. અને જો તેઓ કબુલ નહિ રાખે તો જો તેઓ અરબના મૂર્તિપૂજકો હોય તો તેઓને માટે કતલનો હુકમ છે. જેમકે મુસાની શરીઅતમાં સાત જાતિઓ વિષે ધર્મથી ફરી જનાર વિષે, મૂર્તિ માટે વધ કરનાર વિષે, તથા તેઓની પૂજા તરફ બોલાવનાર માટે એવોજ હુકમ હતો. અને જો તેઓ એઓના સિવાય બીજા હોય તો તેઓને જજીઆ (વેરો) તથા હુકમમાં રહેવાની કબુલાતની સલાહ તરફ બોલાવે. ફરી જો તેઓએ કબુલ કીધુ તો તેઓનું ખુન હમારા ખુન સરખું થવાનું. અને તેઓનો માલ અમારા માલ સરખો થવાનો. અને જો તેઓ કબુલ નહિ કરે તો ફરી ફીકહનાં પુસ્તકોમાં ખુલ્લી રીતે લખાયલી શરતોને ધ્યાનમાં રાખીને લડે જેમકે સાત જાતિઓ સિવાઈ બીજાઓ માટે એવીજ તરેહ મુસાની શરીઅતમાં છે. અને જે બકવાઓ કે પ્રોટેસ્ટંટ વિદ્વાનોએ એ કાયદાના વર્ણનની નકલ કરવામાં કીધો છે. તેમાંનો કેટલોક બનાવટ છે. અને લેદ લોક અણસમજાઇનો બકવો છે. અને હું ખાકેદ બીન વલીદ (રદી) ના ફેરસ (પ્રશીયન) ના લશકરના સરદાર ઉપરના લખાણને તથા ઉમરના (રદી) શામના ખ્રીસ્તીઓ વિષે અમનના લખાણને

---

૧ સ્પેનમાં મુસલમાનોપર જે જુલમ નીમક હરામોથી થયો છે તે પ્રખીયાત છે. ગુ. મો.

નકલ કરૂં છું કે જેથી ચાલાક વાંચનારને ખરો હાલ પ્રગટ થાયઃ—

પહેલું. તેનુ રૂપ આવી રીતે છે. "ખુદાના નામથી જે મોટો મેહેરબાન રહમ કરતા. ખાલેદ બીન વલીદના તરફથી ફારેસના સરદારોના ટોળામાં રૂસ્તમ તથા મહરાનને. હીદાયતની જે તાબેદારી કરે તેઓને કુશળતા થાઓ. એ પછી અમો તમને ઇસ્લામની તરફ બોલાવીએ છીએ. ફરી જો તમો નકાર કરો તો તમો હાથી વેરો આપો. અને તમો હલકાઇમાં રહેનાર છો. ફરી જો તમો નકાર કરો તો મારી સાથે એવી કોમ છે કે, તેઓ ખુદાના માર્ગમાં કતલને ઘણી પ્રીય કરે છે, જેવું કે ઇરાનવાળા દારૂને, અને જે હીદાયતની તાબેદારી કરે તેઓને કુશળતા થાઓ" અને **બીજું** તેનું રૂપ આવી રીતે છે. "ખુદાના નામથી જે મોટો મેહેરબાન રહમ કરતા. આ તે છે કે, જે ખુદાના સેવક અમીરૂલ મોમેનીન ઓમરે **એલીયાવાળા** (યરૂશાલેમવાળા)ઓને અમન આપ્યુ છે. તેઓના જીવને, તેઓના ગીરજાઓને, અને તેઓની શુળીઓને, તેઓના માંદાને, કે સાજાને, બધા પંથોને અમન છે. તેઓના ગીરજામાં રહેવાય નહિ. અને તે પડાય નહિ. અને તેમાંથી તથા તેઓની શુળીઓમાંથી તથા તેઓના માલમાંથી, કાંઇ વસ્તુથી ઘટાડાય નહિ. અને તેઓના ધર્મ ઉપર સખ્તાઇ કરાય નહિ. અને તેઓમાંના કોઇને કાંઇ તકલીફ અપાય નહિ. અને યહુદીઓમાંનો કોઈ યરૂશાલેમમાં રખાય નહિ. અને એલીયાવાળાઓ ઉપર છે કે, તેઓ મદાએનવાળાઓની પેઠે વેરો આપે. અને તેઓને માથે છે કે, તેઓ રૂમ તથા ચોરોને ત્યાંથી કહાડે. અને તેઓમાં જે કોઇ નીકળી જાય, તે પોતાને ઠેકાણે જ્યાં સુધી નહિ પોહોંચે ત્યાં સુધી તે પોતાના જાન તથા માલ વિષે અમન મેળવનારો છે. અને તેઓમાંનો જે કોઇ રહી જાય તો તે અમન મેળવનારો છે. અને એલીઆવાળાઓ ઉપર જે વેરો છે તેવો તેઓપર છે. અને એલીઆવાળાઓમાંથી જે કોઇ પોતાના માલ જાનને રૂમ સાથે લઇ જાય. અને પોતાના ગીરજાને તથા પોતાની શુળીને છોડી દે તો તેઓ જ્યાં સુધી પોતાને ઠેકાણે પોહોંચે નહિ, ત્યાં સુધી તેઓ પોતાના જીવ માટે તથા ગીરજાં તથા શુળી માટે, અમન મેળવનારા છે અને જે કોઇ તેમાં પારકા દેશમા છે. તેઓ જો ચાહે તો રહે. અને જેમ એલીઆવાળા ઉપર વેરો છે. તેમ તેઓ ઉપર છે. અને જેને જોઇએ તે પોતાને દેશ જાય. અને તેઓની પાસેથી કાંઇ લેવાય નહિ. જ્યાં સુધી કે તેઓની ખેતી કપાય[1] નહિ. અને આ લખાણુમાં જે છે તે ખુદાનો અહદ છે. તથા તેનો જીમ્મો, તથા તેના રસુલ (સલ) નો જીમ્મો તથા ખલીફાઓનો જીમ્મો, તથા ઇમાનવાળાઓનો જીમ્મો છે. જ્યારે કે તેઓ પોતા ઉપરનો વેરો આપે. એના ઉપર સહાબાઓમાંથી ખાલેદ બીન વલીદ, અમર બીન આસ, અબ્દુર રહમાન બીન ઓફ અને મોઆવીઆ બીન અબી સુફયાને શાક્ષી આપી છે." અને બધા લોકો ઇકરાર કરે છે કે, અમીરૂલ મોમીનીન ઓમર (રદી) ઈસ્લામમાં ઘણાજ સખ્ત હતા. ઘણીજ સખ્તાઇવાળા હતા. અને શામની જેહાદ તે તેમની મોટી જેહાદોમાંથી છે. અને યરૂશાલેમના ઘેરા વખત તેઓ પોતે પધાર્યા હતા. અને જ્યારે એલીયા ઉપર કબજો થયો. અને ખ્રીસ્તીઓએ વેરાને કબુલ રાખ્યો તો તેવણે કોઇને કતલ કીધો નહિ. અને ન વિશ્વાસ લાવવા ઉપર કોઇપર જબરાઇ કીધી. અને તેઓને સારી શરતો આપી. એનો તેઓના ઐતિહાસીકોએ તથા તેઓના ટીકાકારોએ પણ ઇકરાર કીધો છે. જેમકે અધ્યાય ૧ ભાગ ૩ માં ટોમ્સ ન્યુટનની વાતથી

---

[1] મુસલમાંની ધર્મ પ્રમાણે ખેતીના પાક ઉપર લેવામાં આવે છે અને જો ખેતીને પાણી વધી જાએ અથવા પાણી બસ નહી થાએ અથવા કોઈ બીજી આફત પોહોંચે તો કંઈ પણ લેવામાં આવે નહી. જેમકે એ ફીકહની કીતાબોમાં છે. પણ ઘણી અફસોસ સાથે લખવામાં આવે છે કે આ ૧૮૯૯–૧૯૦૦ માં મોટો દુષ્ટ કાલ છે ૫૬ લાખ માણસો દુકાલમાં સપડાયલા છે છતા ખેડુતોથી પૈસો વસુલ કરવામાં સરકારે કઈ પણ નરમાઇ કીધી નહીં. પ્રથમ એમ થતુ કે જો કોઇ ખેડુત પૈસા નહી ભરે તો તેનું ખાતુ હરરાજ થતું પણ હવે તો તેના સરસામન ઉપર જપતી થાય છે અને જો તેથી પણ નહી વસુલ થાય તો તે માટે તેનું ખાતુ હરરાજ થાય છે. બાપડા ખેડુતોને ખાવાની ઢોરના ચારાની મુસીબત અને તેને સાથે આ પૈસો ભરવો તે તેઓને મરવા જેવું છે. ગુ. મો.

તેં જાણી લીધું છે. (જો પૃષ્ઠ ૯૨) અને આ તક
રારના ચોથા વિષયમાં મઝકુર ટીકાકારની વાત
થી તેં જાણી લીધું છે કે, ખ્રીસ્તીઓ જ્યારે એ
સીઆ ઉપર કબજો ધરાવનાર થયા તો, તેઓ
એ મુસલમાનો તથા યહુદીઓ વિષે શું કીધું.

અને મોહંમદી શરીઅત તથા મુસાની શ
રીઅતમાં જેહાદની બાબતમાં (૧) આ ફરક છે
કે શરીઅત મોહંમદી પ્રથમ પોતાનાં સારાં ડહા
પણ ભર્યા બોધથી તેડું કરે છે. એથી ઉલટું મુ
સાની શરીઅત છે. અને જાહેર છે કે આ તેડ
વામાં કશી એબ નથી. અને ઇમાન લાવવા પ
છી કતલ કરવાથી અટકી જવું તે ખુદ ઇન્શાફ છે.
હજકીઆ ૩૩;૧૧ "ધણી પ્રભુ કહે છે, દુષ્ટનું
મરણ હું ઇચ્છતો નથી. પણ એકે દુષ્ટ તેના
માર્ગથી પાછો ફરે." અને યશાયા ૫૫;૭ માં
આવી રીતે છે. "દુષ્ટે પોતાનો માર્ગ, ને અન્યા
યી માણસે પોતાના વિચારો તજવા, ને તેણે પ્ર
ભુની પાસે પાછા આવવું, ને તે તેનાપર દયા રા
ખશે, ને આપણા દેવની પાસે, કેમકે તે ધણી
ક્ષમા (ઘણી બક્ષીશ) કરશે." ૧ અને (૨) બી
જુ એકે મુસાની શરીઅતમાં સ્ત્રીઓ તથા બાળ
ળકો જો તે સાત જાતિઓથી હોય તો, તેમને
કતલ કરવાનો હુકમ છે. એથી ઉલટું મોહંમદી
શરીઅતમાં છે કે આ કતલ થતા નથી. અગર
જો તેઓ અરબના મૂર્તિપૂજકોમાંથી હોય. જે
મકે મુસાની શરીઅતમાં તે કતલ નહિ થતાં, જ્યારે
કે તેઓ તે સાત જાતઓ સીવાઇ બીજી કોઇ
માંથી હોય.

અને જ્યારે આ પાંચ વિષયો પ્રસ્તાવના
તરીકે કહેવાયાં તો હું કહું છું કે ઈસ્લામી જેહા
દના બારામાં કશો દોષ નથી. નતો લખાણની રૂ
એ અને નતો અકલની રૂએ. લખાણની રૂએ તો
એટલા માટે કે તેં મજકુર વિષયોમાં જાણી લી
ધું છે. અને અકલની રૂએ તે એટલા માટે કે
ખરી દલીલથી સિદ્ધ થયું છે કે, તર્કશક્તિને સુ
ધારવું તે કૃત્ય શક્તિના સુધારવા કરતા આગળ
છે. તો તે શ્રદ્ધાનું સુધારવું તે કૃત્યના સુધાર
વા કરતાં પ્રથમ થવાનું અને આ કાયદો બધા
ધર્મવાળાઓનો માનેલો છે. અને એજ કારણથી
સારાં કૃત્ય વગર વિશ્વાસે તેઓમાં લાભકારક
નથી. અને એ બાબતમાં પણ ખ્રીસ્તીઓ અમા
રાથી વિરૂદ્ધ પડતા નથી. કેમકે સારા કામો ખ્રીસ્ત
ઉપર વગર વિશ્વાસે તેઓમાં પણ મુક્તિ આપ
નાર નથી. અને સખી, નમ્ર સ્વભાવવાળો, ન
મનાર ઇશુ (અલે) નો નકાર કરનાર તે તેઓમાં
બખીલ ગુસ્સાવાળો, અહંકારવાળો ઇશુ
(અલે) ઉપર વિશ્વાસ લાવનાર કરતાં
ઘણોજ ભુંડો છે. અને ખરા અનુભવથી સિદ્ધ
થયું છે કે, માણસ પોતાના ગુનાહ તથા ભુંડા
ઇ ઉપર કદી બીજાના ચોંકાવવાથી જાગૃત થા
ય છે. અને એવીજ તરેહ ખરા અનુભવથી સિ
દ્ધ થયું છે કે, માણસ ઘણું ખરૂં કોમમાં પો
તાની આબ્રુને લીધે તથા પોતાના દબદબાને લી
ધે સત્યને તાબે થતો નથી. અને બીજી જાતના
માણસની વાત તે કાનપર લગાડતો નથી. પણ
તેની વાતને સાંભળવાને એબ સમજે છે, વિશેષ
કરી જો તે વચન તેની જાતવાળાઓને તથા તે
ઓના કાયદાઓને વિરૂદ્ધ હોય, અને તેના કબુલ
કરવામાં દેહની તથા માલની બંદગીઓના અદા
કરવાની તકલીફ લાગુ પડતી હોય તો. એથી ઉ
લટું જ્યારે તેની કોમની આબ્રુ જતી હોય અને
તેઓનો મોભો તુટતો હોય, તો તો તેને શાંભ
ળવાને આર કરતો નથી. અને એવીજ તરેહ
અનુભવથી સિદ્ધ થયું છે કે, શત્રુ જ્યારે પો
તાની સામેવાળાને જુએ કે તે આરામ, તથા એ
શેમાં પડયો છે. તો તેના રાજને જીતવાની આ
શ કરે છે. અને પુરાના રાજ્યના જતા રહેવાનું
ઘણું ખરૂં મોટું કારણ એજ છે. અને જીત થ
યા પછી મોટી નુકશાની ધર્મને તથા દયાનતને
થાય છે. અને એજ કારણથી બધા ખ્રીસ્તીઓ
પોતાની આ ચાલુ ઇંજીલોની વિરૂદ્ધ કરવામાં લા
ચાર થયા છે. અને કેથોલીક ધર્મવાળાઓએ ક
હ્યું કે, દરેક ખ્રીસ્તી ઉપર બાપ્તિસ્માને લીધે રો
માન્યા મંડળીને ખરી રીતનું રાજ છે. કેમકે
દરેક બાપ્તિસ્મા પામનાર રૂમની મંડળીને આગ

૧. આ કલમોથી માલૂમ પડે છે કે ખુદા તરફ ફરવાથી (તોબા કીધાથી) ખુદાની દયા તથા બક્ષેશ મળે છે. અને જ્યારે પસ્તાવો કીધાથી ખુદાની દયા તથા બક્ષેશ મળે છે. તો ફરી ઇશુ (અલે) ને શુળી ચડવાની જરૂર શી? ગ્રં. મો.

ળ જુકનાર છે. અને તેઓની રૈયત છે. અને મંડળીની શીક્ષાથી પાપીઓને શીક્ષા આપવાને તે માથે લેનાર છે. તથા આવી રીતે કે માર્ગે ચાલવામાં હઠ કરનારાઓને તથા મોટા ભાગ (જેમકું ર)ને નુકશાની આપનારને રાજ કરતાઓને સોંપે કે તેઓ તેઓને મરણની શીક્ષા કરે. અને બીજીવાર તેને તેઓ ઉપર કેથોલીક વિશ્વાસની તથા મંડળીના કાયદાઓની સંભાળને લાજમ કરવા ઉપર શક્તિવાન કરશે; કોઇ પણ શીક્ષાની નીચેથી. અને તેઓના આ વચનને પ્રોટેસ્ટંટ વિદ્વાનોમાંના ઇસ્હાક બરાકાને પોતાના પુસ્તક નામે ૧૭ પત્રનું પુસ્તકમાં ૧૨માં પત્રમાં ૧૮૪૯માં બીરૂતમાં છપાયલી પ્રતના પૃષ્ઠ ૩૬૦માં નકલ કીધું છે. અને ઇંગલતરાવાળા પ્રોટેસ્ટંટ વિદ્વાનોએ કહ્યું છે કે રાજાનું ભાગ્ય છે કે, દરેક હાલમાં તેનાજ ઉંચા ફરમાન આ ઇંગલતરા રાજ્યમાં તથા તેના બીજા રાજ્યમાં છે. અને તેનુંજ પ્રથમ રાજ્ય રાજ્યના બધા જોડાયલા ઉપર છે ફરી તે બરાબર છે કે મંડળીના હોય કે, દેશના હોય, અને તે જુકનાર નથી. એટલુંજ નહી પણ તેને પારકા હાકેમની આગળ જુકનાર (દબનાર) થવું દુરૂસ્ત નથી. અને ખ્રીસ્તીઓને દુરૂસ્ત છે કે, તેઓ હાકેમોના હુકમથી હથિયાર બાંધે. અને લડાઇમાં લાગે. જેમકે તેમના વિશ્વાસનાંમાની ૩૭મી શ્રદ્ધામાં છે.

તો આ બંને ટોળાંએ ખ્રીસ્ત (અસે)ના જાહેર વાકયોને તજ્યાં. એટલે "જે ભુંડો તેની સામા ન થાઓ, પણ જે કોઇ તારા જમણા ગાલપર તમાચો મારે, તેની ગમ બીજો પણ ફેરવ અને જે કોઇ તારૂ બદન લેવા સારૂ તારા પર દાવો કરે, તેને તારો અંગરખો પણ લેવા દે. અને જે કોઈ તને વેઠે એક ગાઉ લઇ જાય તેની સાથે બે ગાઉ જા, જે તારી પાસેથી માગે છે, તેને આપ" માથી ૫;૩૯—૪૨, કેમકે આ વાકયો તેઓની ગોઠવણની વિરૂદ્ધ પડે છે. અને જો તેઓ આ વાકય ઉપર ચાલશે તો હું આથી વધારે કહેતો નહિં કે, ઇંગ્રેજી રાજ્ય હિંદુસ્તાનમાંથી જુજ મુદ્દતમાં જતું રહેશે. અને હિંદવાળા સહેલાઇથી તેઓને કહાડી મુકશે. અને એજ માટે એક ચાલાક બોલકણાએ ખુદા તેની વયમાં વધારો કરો. આ વાકયો ઉપર ઠપકાની રૂએ શંકા કરતાં કહ્યુંઃ "માણુસ માટે આ એવી આજ્ઞા છે કે તેની શકિતમાં નથી. અને કોઇ રાજ્ય એના ઉપર અમલ કરી શકતું નથી. અને કેટલાક શીકારીઓ કે જેઓની પાસે અંગરખો (કે ચાદર) નથી તેઓ સિવાય કોઇને એ કાયદો લાગુ પડાય નહિ કે તેઓની પાસેથી લેવાય. અને વખતની નુકશાનીથી તેઓ પરવા કરશે નહિ" ફરી તેણે કહ્યું. આ બધાં (વાકયો) માર્ક તથા યોહાનમાં નથી. અને જુઓ તો બધા ખ્રીસ્તીઓએ આજ્ઞાઓ ઉપર અમલ કરવાની શીખામણમાં હમેશથી ઘણી બોહોશથી રહેલા. અને પોતાના ધર્મની શ્રેષ્ઠતા માટે એથી આધાર પકડતા હતા. તો કેમ કરીને થઇ શકે છે કે માર્ક અને યોહાન એને તજી દે. અને ગધેડીના બોલવાના કીસ્સા ઉપર તેઓ એકે મતે થાએ? શું ઐતિહાસીકોની ઢબ છે કે, તેઓ નજીવી ચીજનું વર્ણન કરે અને ગંભીરતાથી છાનો રહે? અને જુઓ તો તેઓજ એ વાકયમાં બીજે પુરૂષ સર્વનામથી કેહવાયલા, અને એમ કહેવું થઇ શકે છે કે જેણે તે (વાકયો) ને વર્ણન કીધાં તેણે બીજાઓની મુશ્કેલીને ધ્યાનમાં રાખ્યું. અને જે તેનાથી છાનો રહ્યો; તે પોતાના જીવને તકલીફમાં નાખવાથી બીધો." અને કેટલાક નાસ્તિકોએ કહ્યું છે કે; આ આજ્ઞાઓ કે જેથી ખ્રીસ્તીઓ ફખર કરે છે. આથી પરાજુ નથી કે તે કાંતો કેટલીક હાલતોને જોતાં પસંદ કરવા જોગ છે. અથવા કાંતો અગત્ય છે. (વાજબી છે) જો તે પસંદ કરવા જોગ છે તો કાંઇ ડર નથી. પણ તે ખ્રીસ્તી ધર્મ સાથે ખાસ નથી. કેમકે બીજા ધર્મોમાં પણ કેટલીક હાલતોને જોતાં આ પસંદ કરવા જોગ છે. અને જો અગત્ય છે તો કાંઇ શક નથી કે, ભુંડાઇ ફીશાદોની જડ તથા રાજ્ય, આરામ, ચેહેન, અને ખુશીને મટાડવાનું કારણુ એજ છે.

તો જેહાદને સારી થવામાં જ્યારે કે તે મોહંમદી શરીઅતમાં વર્ણાયલી શરતો પ્રમાણે હોય તો અકલની રૂએ, કશો શક નથી અને આ જગ્યાને અનુસરતી એક હીકાયત બયાન કરૂં છું:—

"હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજની કચેરીઓમાંની મુફ્તિની કોઇ કચેરીમાં એક પાદરી આવ્યો, અને કહ્યું, ઓ મુફ્તિ સાહેબ? મુસલમા

નો ઉપર મારો એક સવાલ છે. ઉ-તર આપ નારને ઉ-તર માટે એક વર્ષની મુદત આપું છું. ફરી મુફ્તિએ કચેરીના નાજર તરફ ઇશારો કીધો. અને તે ઘણો ચાલાક હતો. તેણે કહ્યું, આ કયો સવાલ છે? પાદરીએ કહ્યું: "તમારો નબી દાવો કરે છે કે, તેને જીહાદ કરવાનો હુકમ થયલો, અને તેનો હુકમ ન મુસાને થયલો. અને ન ઇશુને. ત્યારે નાજરે કહ્યુ: આજ સવાલ છે કે, જેના જવાબની ફીકર માટે વર્ષ દહાડાની તું મુદત આપતો હતો? પાદરીએ કહ્યું: હા. નાજરે કહ્યું: હું તારાથી મુદત માગતો નથી. અને બે કારણથી હું હમણાં ઉ-તર આપું છું. (૧) પહેલું તો એટલા માટે કે અમો અંગ્રેજી રાજ્યમાં બંધાયલા છીએ. અને છુટીના દિવસો સિવાય અમને ફુરસદ નથી તો વર્ષ દહાડા સુધીની કોણ અમને ઢીલ આપે? (૨) અને બીજુ એટલા માટે કે આ સવાલના જવાબને વિચારવાની અગત્ય નથી. તું માજીસટર વિષે શું કહે છે. શું અંગ્રેજી કાયદા પ્રમાણે કોઇ કતલ કરનારને કે, તેનું કતલ કરવું તેની આગળ સિદ્ધ થયું હોય; તેનાપર કતલની શીક્ષા (ફાંસી કે શુળી વગેરે) ચલાવી શકે છે? પાદરીએ કહ્યું: ના, કેમકે તેને એનો અખત્યાર નથી. તેનો અધીકાર આટલો છે કે, આ કતલ કરનારને શેસન જડજ (વડો હાકેમ) તરફ મોકલે. તેણે કહ્યું: શું આ મોટો હાકેમ કાયદાસર તેની આગળ કતલ કરવું સિદ્ધ થયાથી તેને કતલની શીક્ષા ચલાવે? પાદરીએ કહ્યું: ના, કેમકે તેને પણ હુકમ નથી. તેનો અધિકાર આ છે કે, તે બાબતને ફરીથી તપાસ કરે. અને તેનાથી મોટા હાકેમને ખબર કરે કે એ મોટાની તરફથી કતલ કરવાનો હુકમ નીકળે. ફરી આ શેસન જડજ કતલ કરવાનું જડજમેંટ આપે. ત્યારે નાજરે કહ્યું: શું આ ત્રણે હાકેમો એકજ અંગ્રેજી રાજના નોકર નથી? પાદરીએ કહ્યું: કેમ નહિ. પણ શકિતનો ફેરફાર અધિકારપણાના ફેરફારને લીધે છે. નાજરે કહ્યું: હવે તારી વાતથી ઉ-તર પ્રગટ થયો. તને જાણવું જરૂર છે કે મુસા, તથા ઇશુ (અલે) તેવણ આગળા બે હાકેમોના જેવા છે અને અમારા ભવિષ્યવાદી વડા ત્રીજા હાકેમના જેવા છે. તો જેમ આગલા બે હાકેમની શકિત નહિ હોવાથી ત્રીજાની શકિતનું નહિ હોવું લાગું પડતું નથી. તેવીજ તરેહ મુસા તથા ઇશુ (અલે) ને અશકિત થવું તે મોહંમદ (સલ) ને અશકિત થવું લાગું પડતું નથી. ફરી પાદરી ચુપ થઇ ગયો ને નિરાશ થઇને ચાલી ગયો"

જે કોઇ મારા વર્ણનને ઇન્સાફની નજરથી જોશે. દુશ્મનાઇ તથા હઠધર્મિથી વેગલો રહેશે તો તે ખાત્રીથી જાણશે કે, જેહાદના મસલામાં ધર્મથી ફરી જનારને તથા મૂર્તિપુજાના શીખવનારને કતલ કરવામાં મુસાની શરિઅતમાં ઘણી સખ્તાઇ છે. તે સખ્તાઇથી કે જે મોહંમદી શરીઅતમાં સખ્તાઇ છે. અને ખ્રીસ્તીઓની શંકા કરવી તે છેક ઇન્સાફથી વિરૂદ્ધ છે. અને હું તાજુબ કરૂં છું. તેઓની હાલતથી કે તેઓ પોતાના પૂર્વજોની તરફ નહિ જોતાં કે તેઓએ કેવી રીતે પોતાના ધર્મને જુલમથી ફેલાવ્યો. અને કેવી રીતે પોતાના સામાવાળાઓ માટે જુલમી કાયદાઓ ઘડયા. અને જયારે આ તકરાર વધી ગઇ તો તેઓનાં ચોપાનિયાંમાંના બકવાઓની સામે હું નહિ થતો. અને જેટલું, મેં વર્ણન કીધું છે તેમાં તેઓના આ બકવાઓ માટે પુરતું છે. ખુદાની મદદથી.

કુફ્ફારાનો રદ્દીયો.

પાદરીઓ લોકોને ખ્રીસ્તી બનાવવા ભોરવે છે કે ઈશુ (અલે) પોતે અમને છોડવવા માટે વધસ્તંભે ચહડયો અને અમને મુક્તિ આપી એ કેટલે દરજ્જે ખોટું છે તે હું ઇજહારૂલ હક ગુજરાતીના પૃષ્ઠ ૨૪૧-૨૪૨થી લખી જણાવું છું. જોઇએ પાદરીઓ એનો ઊત્તર શું આપે છે.

(૧) શ્રાપને અરબીમાં લઆનત કહે છે. ને શ્રાપિતને મલઉન તથા લઇન કહે છે. અરબી બૈબલવાળાઓએ ગલાતીઓના પત્રમાં એજ શબ્દ વાપર્યો છે. જે શખ્સ ઉપર એ શબ્દ વપરાય છે તેના અર્થ એવા થાય છે કે, તે ખુદાનો દુશ્મન, અને ખુદા તેનો દુશ્મન. ખુદાનો પ્રેમ તેનાથી નીકળી ગયલો, ને તેનાપર ખુદાનો પ્રેમ નહિ. એજ કારણથી શેતાનનું નામ "લઇન" રાખ્યું છે. અને એવો ભુંડો શબ્દ હોવાને લીધે લેવી અધ્યાય ૨૦માં માબાપને શ્રાપ આપનારને મારી નાંખવાનો હૂકમ છે, ખ્રીસ્તીઓ પોતાને માટે ઇશુ (અલે) ને કફ્ફારો ગણે છે, એ કફ્ફારો કયારે થાએ કે ઇશુ શુળીએ ચહડે, અને જે શુળીએ ચહડે તે મલઊંન (શ્રાપિત) થાએ (પુનર્નિ ૨૧;૨૩) એ માટે પાઉલે તેમના ઉપર શબ્દ મલઊનનો વાપર્યો છે. (ગલા૩;૧૩) ત્યારે એક તરફથી તો ઇશુ ખુદા સાથે ઐકયતા રાખનાર થયા. અને બીજી તરફથી શેતાનની સાથે ઐકયતા રાખનાર થયા. બધા ન્યાયીઓ ખુદાની પાસે છે પણ ઇશુ ખુદાથી ધીક્કારાયા છે. એવું એ શ્રદ્ધાથી લાગુ પડે છે. ઇશુ (અલે) વિષે એવું દુર્ભાપણુ કહેનાર ખ્રીસ્તીઓ કરતાં કોઇ વધારે હશે નહિ તેઓ ધ્યાન નહિ આપતા કે ખુદાનો હૂકમ સાફ રીતે છે, કે કોઇ કોઇના પાપ ઉંચકે નહિ. (હજકીઆલ ૧૮;૨૦) એમ છતાંએ એક નિરાપરાધીને પોતાના લાભ માટે શ્રાપિત કરી શેતાનના સરખો કીધો. અફસોસ એવી સમજપર. વળી હું કહું છું કે, એવી શ્રદ્ધાથી લાભ શો ? શું એવું માનવાથી (૧) પાપ કરતો અટકી જાય છે. (૨) અથવા અટકતો નથી. પણ જે પાપ કરશે તે માફ થશે. (૩) અથવા શ્રદ્ધા પહેલાનાં પાપ માફ થાય છે ને તે પછી નતો પાપ કરતો અટકે છે. અને નતો તેનાં પાપ માફ થાય છે. તો પહેલી વાત પ્રમાણે લાગુ પડવાનુ કે કફ્ફારાનો માનનાર કદી પાપ કરે નહિ પણ તેઓ માને છે. કે દાઉદ [અલે] એ અકીદો રાખતા હતા છતાં તેમનાથી ઘણાં મોટાં પાપો થયાં છે. એમ તેઓ માને છે. તથા ઈશુના શિષ્યોમાંના ઇશ્કારિયોતે ઇશુ ઉપર લઆનત મોકલેલી અને ૩૦ રૂા. માં યહુદીઓને હાથે ઇશુને વેચેલા (માથી ૨૬; ૧૬) તેમ ખ્રીસ્તીઓનાં પાપો અમે આંખે જોઇ રહ્યા છીએ. અને બીજી વાત પ્રમાણે લાગુ પડે છે કે, ખ્રીસ્તીઓ ગમે તેવાં પાપ કર્યા કરે, ચોરી કરે, વ્યભિચાર કરે, લુંટફાટ કરે, તેને કોઇ તરાહની નુકશાની નહિ થાય. તો તો લુચ્ચા માણસોને માટે એવી શ્રદ્ધા ઉતેજન આપનારી થશે તેમ અંગ્રેજ સરકારને જોઇએ કે એવી શ્રદ્ધા રાખનારથી જામીનગીરી લે. હું ધારૂં છું કે, પાઉલ પણ સમજેલો કે, ઇશુના કફ્ફારાથી બધાં પાપ માફ થશે. એ ખોટું છે. માટે તેણે કહ્યું. "આપણે સત્યની ઓળખ પામ્યા પછી જો ઇચ્છાથી પાપ કરીએ તો પાપને સારૂ બીજો યજ્ઞ બાકી રહેતો નથી. પણ ન્યાય કરવાની તથા જે અગ્નિ રૂપકોપ વૈરીઓને ખાઇ નાંખશે, તેની બીહામણી અગ્નિ અને કોપ બાકી છે અને જહાંનમનો સિદ્ધો માર્ગ તૈયાર છે. (હેબ્રી ૧૦;૧૬) તથા પીતર પણ સમજી ગયલો' "પ્રભુ તથા તારનાર ઇશુ ખ્રીસ્તની ઓળખથી જો તેઓ જગતના મલીનપણાથી છૂટીને પાછા તેમાં ગુંથાય તો ઝીંતાયા. તો તેઓની છેલ્લી દશા પહેલી કરતાં ભુંડી છે. કારણ કે ન્યાયપણાનો માર્ગ જાણ્યા પછી તેઓને જે પવિત્રાત્મા અપાય તેથી ફરવા કરતાં જાણુ ન થઇ હોત તો સારૂં થાત. પણ આખરી કહેવત પ્રમાણે તેઓને થયું કે, કુતરૂં પોતાની ઓકની ગમ ને ધોયલી ભુંડેણ કાદવમાં આલોટવાને પાછા ફર્યા છે." (૨ પીતર ૨;૨૦) તો પાઉલ તથા પીતરના કહેવા પ્રમાણે કોઇ ખ્રીસ્તીની મુક્તિ નથી. અને જો ત્રીજી વાત છે તો એમાં કફ્ફારાની જરૂર શી? એ તો યોહાનના બાપ્તિસ્માથી પણ મળતું. લુક ૩; ૩ તથા હમેશને માટે જે પસ્તાવો કરી ખુદા તરફ ફરશે. તેનાં પાપ માફ થશે. (ઇર્મે ૩;૧૨-૧૩ યશાયા ૫૫;૭. ૨ કાલવૃતાંત ૭;૧૪, વગેરે વાંચો 'તોહફતુલ હીન્દ" પૃષ્ટ ૨૪૪) પણ ખ્રીસ્તીઓનાં પાપો તો એ શ્રદ્ધાથી પણ જશે નહિ. કેમકે તેઓ ઇશુને શ્રાપિત માની પાપી થયા. એટલે જ્યાં સુધી એ અકીદો મુકી ખુદા તરફ ફરે નહિ ત્યાં સુધી કદી મૂક્તિ મળે નહિ.

ધર્મનું નોહોતરૂં.

(૨) ખ્રીસ્તી ધર્મમાં પણ ધર્મનું તેડું કરવાનું છે. હવે તે કઇ કલમ છે તે આપણે જોઇએ. માંથી ૧૦; ૫. ઇશુ (અલે)એ તે બારોને એવી આજ્ઞા આપીને મોકલ્યા કે, તમે વિદેશીઓને મારગે ન જાઓ અને સમારીઓના નગરમાં ન પેસો, પણ તે કરતાં ઇશ્રાયલના ઘરનાં ખોવાયલાં ઘેટાંની પાશે જાઓ" માંથી ૧૫;૨૪માં ઇશુ કહે છે કે "ઇશ્રાયલનાં ઘરનાં ખોવાયલાં ઘેટાંની પાસે હું મોકલાયો છું. બીજા પાસે નહિ." આ કલમોને ધ્યાનમાં લેતાં માલૂમ પડે છે કે, હજરત ઇશુ (અલે)ની પેગંબરી માત્ર ઇશ્રાયલનાં ઘરોને માટેજ હતી જેથી બીજાઓને માટે બોધ દેવાનું તેમણે પોતાના શિષ્યોને ના પાડી, ત્યારે પાદરીઓ આ બધી જે મહેનત કરે છે, અને બીજાઓને પોતાના ધર્મમાં દાખલ કરે છે. એ મજકુર કલમોને વિરૂદ્ધ છે. એ ખુલ્લું છે, હવે કોઇ પાદરી કહે કે, માથી ૨૮; ૧૯માં છે કે "તમે જઇને સર્વ દેશનાને શિષ્ય કરો" આ કલમને આધારે સર્વને ધર્મમાં દાખલ કરવાનું ફરમાન છે. તો તેનો જવાબ કે, આ તે કલમને વિરૂદ્ધ થઇ; ત્યારે એ કલમ ઉપર આધાર રાખવો અને આગલાપર આધાર ન રાખવાનું કારણ શું ? વળી આ છેલ્લી કલમ શુળી દેવાયા પછી આકાશપર જતી વખત કહેવાયલી ત્યારે શુળીપર ચઢવાનું સાબેત થવા પર આ કલમનું ખરૂ થવું અટકેલું છે. પણ શુળીએ ચડવું તો કેટલાક પ્રમાણથી ખોટું થયું છે. તો ફરી એ કલમ ખરી થાય નહિ તો સિદ્ધ થયું કે, ઉપલી બે કલમોને આધારે ઇશ્રાયલના ઘર વગર બીજાઓને ખ્રીસ્ત તરફ બોલાવવા એ તેમની વાતથી વિરૂદ્ધ છે. વળી વિશ્વાસ લાવવા તો તે માણુસ લોકોને બોલાવે કે પોતે વિશ્વાસ રાખનાર હોએ નહિ તો તેનું વિશ્વાસ માટે નહોતરૂ કરવું મિથ્યા છે. ત્યારે પીલુના દાણા જેટલો વિશ્વાસ પણ પાદરીઓમાં હોય તો માંથી ૧૭;૨૦ પ્રમાણે પહાડને તેની જગ્યા ઉપરથી ખસેડવું તેમને કઠણ પડે નહી. પણ એવાં કામો તો પાદરીઓ કરી શકતા નથી. તો ફરી બીજાઓને વિશ્વાસી બનાવવું ક્યાં સારૂં કહેવાય. પાદરીઓને જોઇએ કે, પ્રથમ પોતે વિશ્વાસી થાએ. વળી ગલાતી ૧; ૮, ૯ "પણ જે ઇંજીલ અમે તમને પ્રગટ કરી તે વીના બીજી જો અમે અથવા આકાશનો દુત પણ તમને પ્રગટ કરે તો તે શ્રાપ પાત્ર (મલઉન) થાય જેમ અમે અગાઉથી કહ્યું તેમ અમણાં પણ કહું છું કે, જે તમે પામી લીધી તે વીના બીજી ઇંજીલ જો કોઇ તમને પ્રગટ કરે તો તે શાપપાત્ર થાય." આ પત્ર લખાયું તે વખતે ખ્રીસ્તીઓના માનવા પ્રમાણે યોહાનની ઇંજીલ, પ્રકટીકરણ. યોહાનનાં ૩ પત્ર વિગેરે લખાયા પણ નહોતાં ત્યારે યોહાનની ઇંજીલ વિગેરે વાંચી પાદરીઓ લોકોને નહોતરૂ કરે છે તે કેવા છે તે ગલાતીની મજકુર કલમ વાંચી શમજો વાંચો. તોહફતુલ હીન્દ પૃ. ૧૫૦

ખ્રીસ્તીઓના "પાન સોપારી" પત્રના મુકાબલામાં વલસાડના એક પીચારા દોસ્ત તરફનું "ગુલાબી કાથો ચુનો"નું લખાણ.

ખુદાના નામથી જે મોટો મેહેરબાન રહમ કરતા

ખ્રીસ્તીએ લખ્યું બનાવીને ગીત
૧ લખે વાત ખોટી નહી સારી રીત
જો પાન સોપારી, મા એ ગીત છે
તારી એક ફુટી કે ફુટી છે બે.
૨ કે મક્કાના ભજનારને એજ રીત
ને મક્કા કહે એમ ગાઇ ને ગીત
ખુદાનો મને કેમ તુ દોષ દે
તારી એક ફુટી કે ફુટી છે બે.
૩ મુસલમાનપર એ કહો છો તમે
ન સમજા મુસલમાની જાણ્યું હમે
સમજ વાતને જવાબ તુ જોઇ લે   તારી
૪ માટે એ મુર્ખ ખુબ જાણીને કહે
હુકમ ફરવુ કાબા તરફ નેક છે[1]
ખુદાના નબીપર એ ફરમાન છે   તારી
૫ મુસલમાની પેહલી શરત કલમો છે
જે કલમો પડે તે તો એવુ—   કહે
ખુદા વગર બીજાની પુંજા ન છે   તારી
૬ અરે પાદરી કેમ નીંદા કરો
ખુદાનો તો કંઈ ધાક દીલમા ધરો

---

૧ કીબલા તરફ મ્હોં કરવાથી કીબલાને પુજવું થતું નથી બૈબલ પ્રમાણે બીજા ભવિષ્યવાદીઓ પણ કીબલાને મ્હોં કરતા હતા. ગીત ૧૩૮;૨ "હું તારા શુદ્ધ મંદીરની તરફ સીજદો કરીશ" એવીજ તરેહ બીજી કલમોમાં પણ છે વાંચો ગીત ૫;૭:૨૮;૨:૧૩૨; ૭:૧. રાજા ૮;૨૯,૩૦,૩૫, ૩૮ વગેરે

અર્થ શું છે કલમાનો તું જોઇ લે   તારી
૭ લખે વાત જુઠી ને નિંદા કરે
નકામા એ પાપોના ડગલા ભરે
ખરી ખોટી વાતોને તુ જોઇ લે   તારી
૮ લખે વાત સાચી તો કંઇ પણ વરે
જો જુઠું લખે તે તો જુઠો ઠરે
ખુદા જુઠા ઉપર તો રાજી ન છે   તારી
૯ કલેમોને કુરઆન તો એવું કહે
કે પુંજાને લાઇક ખુદા તુંજ છે
મુસલમાન કેમ મક્કો ભજનાર ઠરે   તારી
૧૦ મુસલમાન ભજે શુ ન જાણ્યુ તમે
ન જાણો તો પુછો કહીશુ હમે
એ જાણ્યા વગર કેમ તુ દોષ દે   તારી
૧૧ મીશનના પગાર ખાવા ખોટુ બકે
એ બકવાથી પ્રભુ નહી રાજી છે
મીશનનુ પગાર કેમ હરામ ખાઇ છે તારી
૧૨ જગતમાં ખુદા નહી પોતે દેખાઈ
છુપેલો છે ત્યાં સુધી અક્કલ ન જાઇ
જ્ઞાનીની આંખોથા તુ જોઇ લે   તારી
૧૩ છે તુ કોણને આત્મા કોણ છે
તુ પેહલે તારો આત્મા જોઇ લે
અજબ તેની કુદરતનો આકાર છે   તારી
૧૪ અસત છોડી મનને સત્યથી ધો
ખુદાને ન જોયો તો અક્કલથી જો
નહી તો અસતનો તને દોષ છે
તારી એક ફુટી કે ફુટી છે બે.

ખુદાના નામથી જે મોટો મેહેરબાન રહમ કર્તા

૧ અરે ભાઇ ઇશુ વીષે વાત જાણ
હું સત્ય કહું છું ખરી વાત માન
ખુદા એક ત્રણને ખુદા તું નકે
તારી એક ફુટી કે ફુટી છે બે.
૨ ખુદા સર્વથી ન્યારો પવિત્ર છે જાત
ન કોઇ બીજી ચીજ મલે તેની સાથ
ન બે ત્રણ મેલાવી ખુદા એક કે   તારી
૩ ખુદાની પવિત્ર સદા જાત છે
ઇશુની મનુષ્ય જાત અવતાર છે
મનુષ્ય જાત તે કેમ ખુદા થઇ શકે તારી
૪ વગર માં થી જન્મેલા છે કોઇ નથી
એવી રીતથી સરવે છે ઉત્પતી
વગર માંથી આદમ ફકત એક છે   તારી
૫ જો આદમ વગર માંથી જન્મેલો છે
પવિત્ર જનમ સવથી આદમનો છે
તો તે પણ ખુદાનો નહી પુત્ર છે   તારી
૬ શરીર સર્વનુ લોહથી બંધાઇ છે
પછી કુદરતી રૂહ ત્યા જાય છે
જનમ તેમ ઇશુનો છે જોય લે   તારી
૭ નખીત બીજમાંથી પવિત્ર પછી
એ તેજ જનમ્યા છે ઇશુ નબી
જુઓ કુદરતી સર્વને રૂહ છે   તારી
૮ ખુદા પોતે કુદરતથી ભરપુર છે
કુંવારીને તે પુત્ર આપી શકે
તેની કુદરતના એ તો બંધાએલ છે   તારી
૯ વગર માંથી દુતો[1]ને પેદા કર્યા
ખુદાએ તેઓને સજીવણ કર્યા
એઓ પણ ખુદાના નહી પુત્ર છે   તારી
૧૦ ખુદાએ તો આદમને પેદા કર્યો
મુવેલાં ઉઝેર (અલે)ને જીવાડી શકયો
ખુદા તો ચમતકારીક પેદા કરે   તારી
૧૧ આપણે સત્ય ધર્મથી તપાશી જુએ
ઇશુને ખુદાનો રસુલ જાણીએ
ઇશુને ખુદાનો ન પુત્ર કહીએ   તારી
૧૨ ઇશુના ચલણ માણસ જેવા હતાં
વળી તે તો બાપ્તીસ્માં પામ્યા હતાં
માટે તે ખુદાનો ન પુત્ર થઇ શકે તારી
૧૩ ખુદાના ગુણો તે ઇશુમા ન છે
અરે ભાઇ ઇનજીલમાં જોઇ લે
ઇશુ કહે પ્રભુ મને તુ ન કે   તારી
૧૪ ઇશુ પોતે ઉત્તમ થવા ના કહે
તુ માથીની ઇન્જીલમાં જોઇ લે
ખુદાનો પુત્ર કેમ ન ઉત્તમ થશે   તારી
૧૫ માટે તું એ મુર્ખ ખુબ જાણી લે
ખુદાને ન પુત્ર હોઇ એમ માની લે
ખુદાનો ઇશુ કેમ કરી પુત્ર છે   તારી
૧૬ ઇશુ તો વળી માણસ જેવા હતાં
છુપી[2] વાતથી તે તો અણજાણ હતાં
ખુદાનો પુત્ર કેમ ન જાણી શકે   તારી
૧૭ ખુદા પુત્ર ઇશુ ન બોલો એ વાત
જે જન્મે છે માંથી તે માની છે જાત
ખુદાઈને લાયક ન કોઈ જન્મ છે   તારી
૧૮ જનમ જેનેથી થાઇ તેની છે જાત
કહે જાત બીજી એ ખોટી છે વાત
જણે ગાય તે ઘોડા નહી થઇ શકે   તારી
૧૯ ખુદા લ્યે અવતાર જે કોઈ કહે
ન જાણો કે તેનો ધર્મ સત્ય છે
જે અવતાર માને તે મુશરેક છે   તારી
૨૦ ઇશુ જાત ખુદા યા મનુષ્ય જાત છે

૧ દુતો. ફીરસ્તાંઓ

૨. ઈશુ કહે છે મને કેયામતની ખબર નથી કે તે કયારે થશે. માર્ક ૧૩;૩૨ તોહફતુલ હીન્દ પૃ. ૧૨૩

મનુષ્ય જાત તે કેમ ખુદા થઇ શકે
ખુદા જાતને તો નહી મોત છે   તારી
૨૧ એ જુના કરારમા નહી એવું છે
કે ઇશુ ખુદાનો તે પુત્ર થશે
ખુદાનો ઇશુને ન તું પુત્ર કે   તારી
૨૨ ખુદા પુત્ર ઇશુ કહે જે ઘણી
એનાથી ઇશુને શરમ છે ઘણી[3]
એ કેહનારને મુક્તિ કયાંથી થશે   તારી
૨૩ અરે ભાઇ હું વાત પુછું તને
જુઠું છોડીને સત્ય બોલો મને
નહી તો અસતનો તને દોષ છે   તારી
૨૪ જો બાઇબલમા ઇશુ ખુદા પુત્ર કે
વળી પુત્ર દાવુદનો પણ કહે
વળી કહે તે દાવુદનો પુત્ર ન છે   તારી
૨૫ એ બૈબલ ખુદા પુત્ર ઇશુને કહે
ઇશુનુ વચન તો મનુષ્ય પુત્ર છે
એ ત્રણમાં કહો વાત કઇ સાચી છે   તારી
૨૬ વચનથી તો બાઇબલમા ઉલટુ થશે
ઇશુ કહે મનુષ્ય પુત્ર પકડો જશે
વચન માત્થી મા છે તુ જોઇ લે   તારી
૨૭ જો દાવુદના વંશમા ઇશુ ગણાએ
ઇશુનો બાપ પુત્ર દાવુદનો થાએ
ખુદા બાપ ઇશુનો કેમ થઇ શકે   તારી
૨૮ ખુદાના ગ્રંથમાં નહી ભુલ હોઇ
અનેક ભુલ ઇનજીલમાં હુએ જોઇ
અનેક વાતો સત્ય કબુલ નજ કરે   તારી
૨૯ એ બઇબલ વચનને ખરી માનીએ
એ ચારેમાં બોલો કહી માનીએ
એ ચારેમાં કેટલોક ફેરફાર છે   તારી
૩૦ કઇક વાત માથીની લુકામા નથી
લુકામા કઇક તે માથીમા નથી
યોહાનને માર્ક પણ એવુંજ છે   તારી
૩૧ ઇશુપર જે ઉતરી ઇનજીલ તે ખરી
છે ખોટી ઇશુથી બનાવી ફરી
ને કેટલીકને રદ કરી નાખી છે   તારી
૩૨ ઇશુની ઇનજીલમાં થયો ફેરફાર
ફરીથી ઘણી ખોટી ઠેરવી છે યાર
એ માનવુ સત્ય કબુલ નહી કરે   તારી
૩૩ ઇશુના વચન સત્ય માનો તમો
પછીની ઇનજીલને ન માનો તમો
ઇશુએ કહેલું છે તુ જોઇ લે   તારી
૩૪ ઇશુને ખુદાનો રસુલ જાણીએ
સુળીપર ચડેલો નહી માનીએ
જે માર્યો ગયો તે તો બીજોજ છે   તારી
૩૫ સુળીપર ચડેલો તે એવુ કહે
પ્રભુ મને કેમ મુકી દીધો છે

૩ એ હાલ બરનાબાશની ઇનજીલમાં છે જે ને જોવુ હોઈ તે જોઈ લીએ અને તેની નકલ જોર્જ સેલે કુરઆનના તરજુમામાં કીધી છે.

મુકી દીધેલાને જે પ્રભુ કહે
તેની એક ફુટી કે ફુટી છે બે
૩૬ મારી કરવા સુળી ચડેલો જો હોત
તો બુમો પાડી એવુ ઢોંગ ના કરત
એ ભુલાવાથી નહી છુટકારો છે   તારી
૩૭ સુળીપર ચમતકાર ન તેણે કર્યો
પોતાનો ન છુટકારો પોતે કર્યો
તે બીજાનો કેમ છુટકો કરે
જે આશા રાખે તેની ફુટી છે બે
૩૮ કહે છે મરીને ઇશુ જીવ્યો
પછી તેની માએ ન ઓળખયો
મા કેમ પુત્રને ન ઓળખી શકે   તારી
૩૯ જો[4] મુસાનું તોરાતમા વચન છે
કે "મારા જેવો એક નબી ઉઠશે
જો, મુસા જેવો તો ઇશુ ન છે   તારી
૪૦ જો પુનર્નિયમમાં એવુ પણ છે
કે નબી જુઠુ બોલે તો માર્યો જશે
જો છે કે નહી તુ મને જવાબ દે   તારી
૪૧ યહુદીઓ મુસાથી અટકી ગયા
ઇશુથી ક્રીસ્તીઓ ભટકી રહ્યા
જુઓ સત્યથી પણ નબી બીજો છે   તારી
૪૨ જો ઇન્જીલમાં ઇશુનુ ફરમાન છે
કે મારા પછી ફારકલીત આવશે
ઇશુ કહે સર્વનો સરદાર છે   તારી
૪૩ એ ફરમાવ્યું છે મોહંમદ (સ) વીષે
એ છેલ્લો નબી સર્વનો સરદાર છે
અગ્નિ ભડકુ સરદાર નહી થઇ શકે   તારી
૪૪ એ વીશે એક ગ્રંથ છપાઇલુંજ છે
જેનુ નામ ફીલસુફી કસોટી છે
એ વીગેરે ઘણાએક ગ્રંથોમાછે   તારી
૪૫ મલે દીન મુસા મોહંમદ (સ)ના સંગ
હુકમ હકથી કરયો છે એઓએ જંગ
વગર બાપનો પુત્ર મુસા ન છે   તારી
૪૬ શરીઅતમા મુસાની એવુ કહે
કે હાથ મોહ ધોઇને પ્રાર્થના કરે
પણ ઇશુની શરીઅતમા એવુ ન છે   તારી
૪૭ જીલ્લા અહમદાબાદ ઉનાવા છે ગાંમ
જહાં છે મીરાં શાહવલીનું મુકામ
જેને ભુત વલગે તે ત્યાં જાય છે   તારી
૪૮ અનેક લોકને ભુત વળગેલા જાય
ગણા લોક બીમાર ત્યાં સારા થાય
ચમરકાત છે પરખીઆત જોઇ લે   તારી
૪૯ ઇશુએ ભુતને કાડયો શું નવાઇ
એવા કામ મોહમદના સેવકથી થાય
ઇશુના સેવકમાં ન કોઇ એવો છે   તારી
૫૦ ઇશુના સેવક કોણ એવા થઇ ગયા
કે જેથી મરેલા સજીવન થયા
એ ગુણ તો મોહમદના સેવકમાં છે   તારી

૪ પુનર્નિયમ ૧૮; ૧૭-૨૨. વાંચો ઈજહારૂલ હક પુ. ૨. પૃ. ૧૨૭-૧૩૪

જાહેર ખબર.

"તોહફતુલ હિંદ" નામનું પુસ્તક જે કે હિંદુસ્તનમાં ઉર્દૂ ભાષામાં ૧૧ વાર છપાઇ માન પામેલું તેનો તરજુમો ગુજરાતી ભાષામાં થઇ ૫૦ રતલી રોયલ ગલેજ આઠ પેજી ૨૮૮ પૃષ્ઠમાં છપાયો છે: એમાં કરતાએ માત્ર હિંદુ ધર્મ તથા ઇસ્લામી ધર્મનો મુકાબલો કરી બતાવ્યો હતો. પણ ભાષાંતર કરનારે નોટમાં ખ્રીસ્તી ધર્મનો તથા આર્ય સમાજવાળાઓનો પણ મુકાબલો કરી બતાવ્યો છે. એમા માત્ર મુકાબલોજ છે એમ નહિ પણ મુસલમાની ધર્મમાં ખુદાને કેમ માનવું. તથા ફીરસ્તાઓને કેમ માનવા? પેગંબરોને કેમ માનવા? કીતાબોને કેમ માનવી? ઇત્યા. તથા પાંચે બીનાએ ઇસ્લામનું પણ વર્ણન છે. દુકાણથી નીકાહ, તલાક, હરામ, હલાલ, સલામ પારકા ધર્મવાળાને નહોતર કરવું વગેરે. તથા પાદરીઓના ચોપાનિયાઓમાં ઇસ્લામના અંગ ઉપર જે તેઓએ ધુળ ઉડાવી છે. તેનો ઉત્તર આપી તે ધુળ તેઓ પર પાડી છે. અને લગભગ બધી શંકાઓનો જવાબ એમાં છે. દાખલા તરીકે કુરાનની ફસાહત ઉપર શંકા, તે બેબલથી લેવાયલું, કુરાનમાં આત્માને લાયક કંઇ નથી, તેમાં જંનતમાં ખાવાપીવાનું લખેલુ છે. ચંદ્ર ફાટવાના ચમત્કાર ઉપર શંકા, જેહાદ ઉપર શંકા, એકથી વધુ સ્ત્રીઓ સાથે નીકાહ કરવા ઉપર શંકા, તલાકપર શંકા, દત્તકપુત્ર જૈદે (રદ) પોતાની સ્ત્રીને મુકી દીધી તે પછી હજરત મોહંમદ (સલ) સાહેબે તેણીની સાથે નીકાહ કીધા. તે ઉપર શંકા. હદીસોપર પાંચ શંકા, મેરાજ ઉપર શંકા, નમાજપર શંકા, રોજાપર શંકા, જકાતપર શંકા વગેરે. તથા પારસીઓના પુસ્તકોથી હજરત મોહંમદ સાહેબના ભવિષ્યવાદપણાની સાબેતી વગેરે છે. કીંમત રૂા. ૨. પોષ્ટ વગર. બાંધણી પાકા પુંઠાની કપડાથી બાંધેલું છે

"તોહફતુલ હિંદ" અંગ્રેજી. મજકુર પુસ્તકને કેટલોક વધારો સહીત એક બી. એ. સાહેબ પાસે તરજુમો કરાવી ૬૦ રતલી ગલેજ કાગળપર છપાવ્યું છે. કીંમત રૂા. ૨, પોષ્ટ વગર.

"ઇજહારૂલ-હક્ક" એ પુસ્તકમાં એક પ્રસ્તાવના અને ૭ અધ્યાય છે. પહેલા અધ્યાયમાં બેબલનું વર્ણન છે. બીજામાં બેબલના ફેરફાર થવાનો સિધ્ધાંત છે. ત્રીજામાં નાસેખ મનસુખનું વર્ણન છે. ચોથામાં ત્રિદેવનું ખોટાૐ છે પાંચમામાં કુરાનનું કલામુલ્લાહ થવાની સાબેતીનું બ્યાન છે. છઠ્ઠામાં હજરત મોહંમદ (સલ) સાહેબની પેગંબરીની સાબેતી છે. અને એની વચ્ચે અનેક બાબતો પણ સમાયલી છે. વિષેશ કરી પાદરીઓની ઘણી શંકાઓનો ઉત્તર પણ છે. ગ્લેઝ રોયલ ૫૦ રતલી કાગળપર આઠ પેજી પૃષ્ટ ૪૫૦ પર છપાયું છે. કીં. રૂા ૩ પોષ્ટ વગર.

બેબલ પરીક્ષા કીં આનો ૧ જેહાદની હકીકત કીં આનો ૧	આ બંને ચોપડીઓ ઇજહારૂલ હક્કના નમુના છે

ખ્રીસ્તી અને મોહમદી ધર્મનો ચુકાદો કીં આનો ૧

આકાશ ચાલ રદદે પૃથ્વી ચાલ કીં આનો ૧

ઇજાલતુર રૈબ, અન ઇલમીલ ગૈબ તાજીયાની હકીકત ફીલસુફીની કસોટી ટચ સ્ટોન ઓફ ફલાસફરસ ઇંગ્રેજી	

આ ચારેવ પુસ્તકો દરેકને માટે પોસ્ટ ખરચ અરધા આનાની ટીકીટ મોકલેથી મફત મોકલવામાં આવશે.

ગુલામ મોહંમદ બી. હાજી હાફેજ સાદેક
મુા. રાંદેર જીલ્લે સુરત.